Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૪૯ ● તા. ૧ થી ૭ ડિસેમ્બર ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

## પાંજો વલો વતન-કચ્છ... અચો... આરપાર કુધરતજો નજારો ન્યારેલા... મીઠી બુસ્કાર પાંજે કચ્છજી...















**"કચ્છ રણોત્સવ"** એટલે પાંજી માતૃભૂમિસેં નાતો જોડેલા હકડો નિમિત્ત... પર્યટન તથા સાંસ્કૃતિક કલા સાથે જોડાઈને કચ્છીયતનું વૈભવ નિહાળવાનો સુઅવસર...

દરેક સંબંધ સમય પ્રમાણે નવું અને તાજું રૂપ (પરિવર્તન) માંગે છે એ વાત આપણાં વતન કચ્છ સાથેના નાતા માટે પણ એટલીજ સાચી છે. 'યુવાપેઢીને વતન સાથે કંઈ લગાવ નથી' એવી માત્ર ફરિયાદ કરવા કરતાં તેમને ધંધા-ઉદ્યોગમાં અમુલ્ય રોકાણની તક તથા પર્યટન વિકાસની દષ્ટિએ સમૃધ્ધ અને કરિશ્માભર્યા પ્રદેશ તરીકે કચ્છનો પરિચય કરાવવો વધુ યોગ્ય ગણાશે. ભુકંપ બાદ કચ્છની સિકલ બદલાઈ ગઈ છે. અનેક ધંધા-ઉદ્યોગ સાથે વિકાસની નવી ક્ષીતિજો પ્રગટી છે. જેમાં એક **પર્યટન ક્ષેત્ર પણ છે.**

સતત એક મહિનો ચાલતો **'કચ્છ રણોત્સવ'** એ કચ્છને ભારતીય પર્યટન ઉદ્યોગ ક્ષેત્રે **'તાજ'** અપાવે એવો અવસર છે. તેની કામણગારી કલા, પર્યટન ક્ષમતાની શ્રેષ્ઠતા અને સુગમતા સાથે જાણવાનો-માણવાનો આલ્હાદક સુઅવસર છે.

આ રણોત્સવ તા.૧૫-૧૨-૧૨થી ૩૧-૧-૧૩ સુધી ચાલશે. આ રણમેળામાં કેમલ સફારી, એ.સી. / નૉન એ.સી. ભુંગા-તંબુમાં રહેવાનું, હેન્ડીક્રાફ્ટસ, ચાંદનીરાતે સફેદ રણમાં વિહરવાનું, કચ્છની કલા પ્રદર્શન-વેંચાણ, કચ્છની વાનગીઓ વગેરે અનેક આકર્ષણ છે. આ તક માણવાનો લહાવો લેવા જેવો છે.












# અશ્રુભરી શ્રદ્ધાંજલી

## પરમાત્મા એ આત્માને પરમ શાંતિ આપજો...



**જન્મ**
**તા. ૦૭-૦૫-૧૯૫૪**

**અરિહંત શરણ**
**તા. ૨૧-૧૧-૨૦૧૨**

## સ્વ. અ.સૌ. કલ્પનાબેન ભવાનજી લોડાયા (સાંધવ - મુલુંડ)

સ્વ. વીરબાઈ રાઘવજી વેલજી અને ગં.સ્વ. કાંતાબેન મુલજી લોડાયાના પુત્રવધુ
ગં.સ્વ. કાન્તાબેન શીવજી મૈશેરીના દીકરી

''જેમણે જીવનભર સંઘર્ષ ખેલીને અમારા પરિવારના બાગ ને
સતત મહેકતો રાખ્યો એવું જીવન જીવી જે કદાપિ ભુલાશે નહિ''

પતિ : ભવાનજી રાઘવજી લોડાયા

''ક્યારેય ન આવી તમારા સ્નેહમાં ઓટ, પણ હવે સદાય વર્તાયે છે તમારી ખોટ,
આપનો માયાળુ સ્વભાવ અને નિ:સ્વાર્થભાવ સદાય રહેશે યાદ''

પ્રભુ પરમાત્મા આપના દિવ્ય પવિત્ર આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના..

''જીવન ના તીર્થ સમાન, હે ''મા'' આપના ચરણોમાં કોટી કોટી વંદન....''

''ધર્મ અને પ્રભુભક્તિ માં પ્રીત ધરાવનાર, સદા હસતો-મુસ્કુરાતો ચહેરો અને આપના સહજ નિખાલસ સ્વભાવે,
સૌને આત્મજન કર્યા આપે, કદી ન વિસરાવી શકે આપને,
એ આત્મા નો દિવ્ય આત્મા મુક્તિ પદ ને પામો એ જ પ્રભુ પરમાત્મા ને પ્રાર્થના.''

**-: શ્રધ્ધા સુમન :-**

પુત્ર - પુત્રવધુ : અ.સૌ. સ્મિતા કલ્પેશ લોડાયા • અ.સૌ. આકૃતિ જીગર લોડાયા
પુત્રી - જમાઈ : અ.સૌ. મીતા ભાવેશ શાહ • અ.સૌ. મીરા તિલેશ મૈશેરી
પૌત્ર - પૌત્રી : ક્રિશ જીગર લોડાયા, સાક્ષી અને સાચી કલ્પેશ લોડાયા
દોહિત્ર - દોહિત્રી : આર્ય ભાવેશ શાહ, વેદા ભાવેશ શાહ

**-: શોકાતુર :-**

માતુશ્રી વીરબાઈ રાઘવજી વેલજી લોડાયા (સાંધવ) સમસ્ત પરિવાર
સ્વ. કુંવરજી દેવશી મૈશેરી (નાની સિંધોડી) સમસ્ત પરિવાર
સ્મીતાક્ષી લોજીસ્ટીક્સ પ્રા.લી. સમસ્ત સ્ટાફ (મુંબઈ)

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

**નોંધ:** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## જ્ઞાતિમાં સંસ્થાકીય ક્ષેત્રે પ્રગતિનો અભાવ - *પ્રવીણ ખોના* (મુંબઈ)

૧૯૪૭ના જ્ઞાતિના મુંબઈ ખાતે મળેલ પ્રથમ અધિવેશનના ફલસ્વરૂપ શિક્ષણ પ્રસારક સમિતિ જેવી સંસ્થા ઊભી થઈ. જેણે ૬૫ વર્ષો દરમ્યાન જ્ઞાતિમાં શિક્ષણક્ષેત્રે ક્રાંતિ આણી દીધી છે. શ્રી શીવજીભાઈના ધ્યેય મુજબ દરેક ઘરમાં ઓછામાં ઓછો એક સ્નાતક તો થઈ ગયો છે. એટલું જ નહીં, લગભગ, બધાજ યુવાન-યુવતીઓએ શિક્ષણ ક્ષેત્રે હરણફાળભરી છે. જ્ઞાતિપત્રોમાં તેમની પ્રગતિના ખબરો વાંચીને છાતી ફુલાય છે.

તે ઉપરાંત દરેક એકમ અને મહાજન વિવિધ ક્ષેત્રે સક્રિય બની ગયા છે. જાગૃતિની એક લહેર ફેલાઈ ગઈ છે.

અંગત રીતે કેટલીય વ્યક્તિઓએ ધંધાકિય અને ઔદ્યોગીક સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ છે, જોકે ભારે ઉદ્યોગો (Heavy Industries)માં આપણે ખાસ પગપેસારો કરેલ નથી. પરંતુ મધ્યમ કક્ષાના વિવિધ ઉદ્યોગો તથા ધંધાઓ સ્થાપાયા છે. તેમાં અરિહંત બેંકે ઘણાં જ્ઞાતિજનોને ઊંચે આવવામાં આર્થિક સહાય કરેલ છે. પરંતુ આ વ્યક્તિગત પ્રગતિની વાત થઈ. સમસ્ત જ્ઞાતિ ક્ષેત્રે શું? સામુહકિ લગ્નો, સામુહિક તીર્થ યાત્રાઓ, સ્વામિવાત્સલ્યો, ધાર્મિક ઉત્સવો અને પૂજનો, ઇત્યાદિ આપણા પ્રશ્નો હલ નહીં કરી શકે, એનાથી સમુહ મિલન, આનંદ-પ્રમોદથી વધારે કંઈ પણ હાંસલ ન કરી શકાય.

પરંતુ આપણાં પૂર્વજોની દીર્ઘદ્રષ્ટિ માટે આપણે ગર્વ લઈ શકીયે કે, આજથી ૧૦૦-૧૨૫ વર્ષો પૂર્વે એમણે પાઠશાળા (સ્કુલ), બોર્ડીંગ, બાલાશ્રમ જેવી શૈક્ષણિક સંસ્થાઓ ઉભી કરીને સંસ્થાઓને આપણને ભવ્ય વારસામાં આપી. પરંતુ એકાદ અપવાદ સિવાય એ સંસ્થાઓની પ્રગતિ કરવાને બદલે આપણે લગભગ એમને મૃત:પ્રાયદશામાં લાવી મૂકી દીધી છે. સાંભળ્યા પ્રમાણે સ્કુલ (શ્રી ખેતશી ચૂત્રભોજ ખીંયસી અજાણી ક.દ.ઓ.જૈન વિદ્યાલય) અત્યારે ડોંગરી (ચીંચબંદર)ની કોઈ મ્યુનીસીપલ સ્કુલના મકાનમાં ચાલી રહી છે, જેમાં અત્યારે ફક્ત ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં આપણી જ્ઞાતિનો ભાગ્યેજ કોઈ વિદ્યાર્થી હશે. સ્કુલના ટ્રસ્ટબોર્ડપર કોણ કોણ છે? સ્કુલની માલમિલકત છે? વી. બાબતોથી જ્ઞાતિ સંપૂર્ણપણે અજાણ છે. સાંભળ્યા પ્રમાણે, અનંતનિવાસ માંની બાલમંદિરની જગ્યા ખાલી કરવા બદલ સ્કુલના ટ્રસ્ટીઓએ અનંતનાથજી ટ્રસ્ટ પાસેથી આસરે રૂા.૭ લાખ લીધેલ, જોકે બાલમંદીર માટેની સદર જગ્યા ફક્ત રૂા.૧ના ટોકન ભાડેથી આપવામાં આવેલ.

બીજી તરફ શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ જૈન વિદ્યાર્થીગૃહ (ઘાટકોપર) પુનર્નિમાણ પામી રહ્યું છે. ત્યાંના ભાડુતોએ ગેરવ્યાજબી માગણી કરેલ તેથી ટ્રસ્ટીઓએ તેમને ખાલી કરાવવા કોર્ટમાં કાર્યવાહી કરી છે, જેને પરિણામે ભાડુતોને સદંતર જગ્યા ખાલી કરવા કોર્ટ ડીક્રી પસાર કરી શકે તેમ છે. ટ્રસ્ટ પોતાના હેતુઓની પૂર્તિ કરવા પુનર્વિકાસ કરતું હોવાથી ભાડુતોને નવા મકાનમાં બિલ્કુલ જગ્યા ન મળે તેવી રેન્ટ એક્ટની જોગવાઈ છે. આમ વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટીઓએ સંસ્થાના હિતમાં હિંમતભર્યું પગલું લીધું છે. શું આપણા અન્ય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ આમાંથી બોધપાઠ લેશે?

નલીયા ખાતે બાલાશ્રમમાં કન્યા છાત્રાલયમાં થોડા સમય પહેલા અતિ ઘૃણાસ્પદ બનાવ બન્યા બાદ બાળાશ્રમ બંધ થયું તેનો પુન:પ્રારંભ કરવા ટ્રસ્ટીઓ શાં પગલા લઈ રહ્યા છે તેની માહિતી તેઓ જ્ઞાતિને કેમ જણાવતા નથી? ધુલીયા ખાતેની બોર્ડીંગમાં આપણી જ્ઞાતિના કેટલા છાત્રો રહે છે?

આપણે વેપારી માનસ ધરાવતા હોવાથી શૈક્ષણિક સંસ્થાઓના મકાનોમાંથી પણ આવક ઊભી કરવાનું માનસ ધરાવીએ છીએ. વિદ્યાર્થીઓને રહેવા-ભણવા જે સવલત મળે

છે તેનું મુલ્યાંકન રૂપિયા, આના, પાઈમાં ન થઈ શકે. શિક્ષણ સંસ્થાઓની આવી હાલત ફક્ત આપણી જ્ઞાતિમાંજ પ્રવર્તે છે એમ નથી સર્વત્ર અને સર્વે જ્ઞાતિઓમાં એજ પ્રમાણે છે. અંધેરીની ચીનાઈ કોલેજને તોડી તેની જગ્યાએ મોલ ઊભો કરવાના પ્લાનને તો અત્યારે અદાલતે અટકાવી દીધેલ છે. દક્ષીણ મુંબઈની મોટાભાગની શાળાઓ બંધ થઈ ગઈ છે. કારણ દક્ષીણ મુંબઈની વસ્તી પરાંઓમાં શીફ્ટ થતા, વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી ગઈ છે.

હવે જ્ઞાતિના અન્ય પ્રશ્નો તરફ વળીએ. મોટો પ્રશ્ન છે રહેઠાણનો. કહેવત છે. સૂથારનું મન બાવળીયે. રહેઠાણના પ્રશ્ને આપણે હંમેશા અનંતનાથજી ટ્રસ્ટ તરફ નજર દોડાવીએ છીએ. આપણી જ્ઞાતિની કોલીનીઓ હોય જેમાં જ્ઞાતિજનો રહેતા હોય એવી મોટાભાગના જ્ઞાતિજનોની ભાવના રહે છે, તે એટલે સુધી કે દેશાવરમાં રહેતા જ્ઞાતજિનો પણ મુંબઈના રહેઠાણના પ્રશ્ને ચિંતીત રહે છે. એમની સતત માંગણી રહે છે. એક અતિથીગૃહની જરૂરીયાત છે. આપણે વર્ષોથી એ પ્રશ્ન કોઈપણ જાતના નિરાકરણ વગર ફક્ત ચર્ચતા આવ્યા છીએ. ખડક પરની મહાજનવાડી તેના ટ્રસ્ટી સાહેબોએ વેચી દીધી. તેમનો નિર્ણય સદંતર યોગ્ય છે. પરંતુ વેચાણ કરતાં કેટલી રકમ મળી અને અત્યારે તે રકમ ક્યાં પડી છે તેનો કોઈ ખુલાસો જ્ઞાતિને મળતો નથી. ડોંબીવલી ખાતે રહેતા જ્ઞાતિજનો મહાજનવાડી-કોમ્યુનીટી હોલ, સ્કુલ વી. માટે સતત માગણી કરતા રહ્યા છે. હોપ-૧૦૦૦ દ્વારા ડોંબિવલી ખાતે વિશાળ જમીન લેવામાં આવી ત્યારે સર્વેને આશા હતી કે ત્યાં કઈંક ફળીભૂત થશે. પરંતુ તેને વર્ષોના વહાણા વહી ગયા, અને હજુ આશા (હોપ) અધુરી જ છે. "હોપ-૧૦૦૦" ના નેજા હઠેળ ત્યાં રહેઠાણો બાંધીને પ્રશ્ન હલ કરી શકાશે. પરંતુ તે પ્રશ્ન હજુ સુધી પ્રશ્નજ રહ્યો છે. હોપ પૂર્ણ થયેલ નથી. મળેલ માહિતિ પ્રમાણે, હોપ-૧૦૦૦ના કેટલાક હોદેદારો સદર જમીન અંગત રીતે મેળવી તેનાપર વ્યાપારી ધોરણે મકાન બાધકામ પ્રવૃતિ કરવા ધારે છે. જ્ઞાતિને વિસારે પાડીને.

તે ઉપરાંત, આપણી હોસ્પીટલ ઊભી કરો, પેથોલોજીકલ લેબોરેટરી બનાવો વી. માગણીઓ તો ઊભીજ રહે છે.

"અનંતછાયા."નો પ્રશ્ન ચેરીટી કમીશ્નર સમક્ષ કાયદાની કસોટીમાંથી કઈ રીતે બહાર આવે છે તે એકાદ મહીનામાં જ્ઞાતિને ખબર પડી જશે તેવું કહી શકાય. અલબત, "અનંતછાયા."ની જેમ "અનંતસિધ્ધિ" (ભાંડુપ)ની મિલકતનું પણ વેચાણ કરવાનો આગ્રહ ટ્રસ્ટીઓ હજી પણ રાખે છે કે કેમ તે પણ બે-ત્રણ મહીનામાં ખબર પડશે?

જુના ઊભા રહેતા પ્રશ્નોમાં આ પ્રશ્નોનો ઉમેરો થયો છે.

આ સર્વે પ્રશ્નોનો ઉકેલ શું અને કેવી રીતે લાવવો? આપણા જ્ઞાતિસ્તરે આર્થિક સ્તોત્રો મર્યાદિત છે. બધાની દૃષ્ટિ અનંતનાથજી ટ્રસ્ટ તરફ દોડે છે. ટ્રસ્ટનની પોતાની નાણાંકિય સ્થિતિ પણ મારી દ્રષ્ટિએ એટલી સધ્ધર નથી. આ પ્રશ્નોના હલ માટે આપણે અવારનવાર મિટીંગો બોલાવીએ છીએ, અને ચર્ચા કરી, ખાઈ-પીને છૂટા પડીએ છીએ. બીજી મીટીંગની કાગડોળે રાહ જોવાય છે. ભાષણ કરવાની. એના એજ વ્યક્તિઓ સર્વ ઠેકાણે મંચ અને માઇક સંભાળી લે છે. હ્યુમન સાઈકોલોજીના એ નિષ્ણાતો તાળીઓ પડાવીને હોલને ધણધણાવી મુકે છે. ભવિષ્યમાં પોતે શું કરી નાંખશે તે જાહેર કરીને હારતોરા પહેરી લે છે. કમીટીઓ નીમાય છે. એની એજ વ્યક્તિઓ બધે ઠેકાણે બધી કમીટીઓમાં નીમાય છે. એકજ વ્યક્તિ ૧૫થી વધુ જગ્યાએ પ્રમુખ તરીકે બીરાજે, પોતાની નાણાંકિય શક્તિના જોરે, જ્યારે પ્રશ્ન ચર્ચાય ત્યારે જાહેર કરે કે આ પ્રશ્ન અંગે મને વધુ માહિતી નથી, કે મેં વિચાર કરેલ નથી.

એ મહાનુભાવો જ્ઞાતિનો પ્રશ્ન હલ કરવાને બદલે કેટલી સંસ્થાઓમાં પ્રમુખ, મેનેજીંગ ટ્રસ્ટી કે ટ્રસ્ટી છે એનુંજ ગણિત કરતા રહે છે. ધંધાકિય રીતે સફળ વ્યક્તિ સામાજીક સંસ્થા માટે પણ સફળ જ થશે એમ ન કહી શકાય. દરેકે નિર્ણય કરવો રહ્યો કે એ ફક્ત કઈ બે/ત્રણ સંસ્થાઓ સાથેજ જોડાયેલો રહે. અમુક લોકો તો ટોળકી બનાવીનેજ કામ કરતા રહે છે. કોઈ પણ નિમાણુંક માટે એ પોતાની ટોળકીના સભ્યનુંજ નામ સૂચવશે. એને એજ વ્યક્તિઓ વિવિધ સંસ્થાઓ પર રહેતા હોવાથી સંસ્થાઓના કામો ખોરંભે ચડે છે. અને કંઈ પણ પ્રગતિ થતી નથી. એટલે જરૂર છે ડીસેન્ટ્રલાઇજેશનની વિકેન્દ્રીકરણની. અમુક વ્યક્તિ પૈસેટકે સુખી છે. ઉદાર છે, સ્વભાવે સરળ અને મદદ કરવા માટે હંમેશા તૈયાર રહે છે, તેથી તે જે સંસ્થાપર અધિકારીપદે બીરાજે છે તેની પ્રગતિ કરી શકશે એમ ન કહી શકાય. અમુક વ્યક્તિઓ ૭-૮ કે વધીને ૧૫ સુધીની સંસ્થાઓ સાથે જોડાયેલી હોય છે. કબુલ, એ વ્યક્તિઓને ધંધાની ચિંતા કરવાની રહેતી નથી, કારણ કે એ ચિંતા કરવાવાળા અન્યો હોય છે. સવારે ઉઠે ત્યારથી આજે કઈ કઈ મીટીંગો એટેન્ડ કરવાની છે તેના માટે સહકાર્યકરોના ટેલીફોન આવવા શરૂ થઈ જાય છે.

અલ્પજીવી સામાજીક પ્રવૃતિને મહત્વ ન આપીએ. તીર્થ પર્યટન, સ્વામિવાત્સલ્ય, સમુહલગ્નો, સગપણ સમારંભ વિ. અલ્પજીવી પ્રવૃતિઓ છે. સમાજ માટે દિર્ઘજીવી પ્રવૃતિઓ

થવી જોઈએ. જેનાં ફળ વરસોના વરસ આવતી પેઢીઓને મળતાં રહે. આપણામાંથી કેટલાક સેવકો રાજકારણીઓ છે. એમનું લક્ષ કામના સમાજોપયોગી સફળ પરીણામ પ્રત્યે નહીં, પરંતુ સંસ્થાના ખુરશી પર બીરાજવા પ્રત્યે હોય છે. આવી વ્યક્તિઓ સામાન્યરીતે ઘણી બધી સંસ્થાઓ સાથે સંકળાયેલી હોય છે. કોઈને કોઈ બહાના હેઠળ સંસ્થાના કામને ઠેલતી રહે છે. અને અત્યારે તો એવી દુ:ખદ પરિસ્થિતિ છે કે આપણા લગભગ ૫૦% કાર્યકરો એક બીજાના પગ ખેંચવાની પ્રવૃતિમાં સીધી કે આડકતરી રીતે રાચતા હોય છે.

ટ્રસ્ટની મિલકતો વેચીને મળેલ પૈસાનો ઉપયોગ જ્ઞાતિજનોને વિવિધ પ્રકારની આર્થીક મદદ કરવાનો હેતુ ડહાપણ ભરેલ નથી. દાંડીયારાસ, યુવામેળા, પ્રવાસો, તીર્થયાત્રાઓ વિગેરે પાછળ લાખો રૂપિયા ખર્ચાય છે. સંસ્થાઓના પૈસા કરકસરથી ખર્ચાવા જોઈએ. શ્રી અનંતનાથજી દેરાસરમાં ટ્રસ્ટબોર્ડની સભાઓ અને કાર્યાલયના હેતુસર દશથી પંદર લાખનો ખર્ચ થયેલ છે. શું સંસ્થાના ફંડનો આ રીતે ઉપયોગ કરવો ઉચિત છે?

આપણા દેશના ફલકે વિચારીએ તો શિક્ષણ-ખોરાકના પ્રશ્નોને વિસારે પાડીને આપણે મોટરોનું ઉત્પાદન વધારીએ છીએ, અને તેના પરથી દેશની પ્રગતિનું વિશ્લેષણ કરીએ છીએ. કમનશીબે આપણા દેશના નેતાઓ અને અર્થશાસ્ત્રીઓ યુરોપ-અમેરીકા-વર્લ્ડ બેંકના આદેશોને અનુસરે છે. ત્યાં દરેક વસ્તુની છત છે, અહીં અછત. ત્યાંની વસ્તી ઓછી છે, અહીં વધારે, ત્યાંની રહેણી-કરણી આપણાથી ખૂબજ અલગ છે. અર્થકારણના ત્યાંના સિધ્ધાંતો આપણા દેશમાં લાગુ ન કરી શકાય.

આપણી જ્ઞાતિના ઘણાં પ્રશ્નો આપણે વર્ષોથી ઉકેલી શક્યા નથી.

અલબત, શિક્ષણનો પ્રશ્ન આપણે ઘણે અંશે ઉકેલી શક્યા છીએ. તો પણ એના ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. મૃત:પ્રાય દશામાં પડેલ આપણી શૈક્ષણીક સંસ્થાઓમાં પ્રાણસંચાર થવો જોઈએ. આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરીએ પોતાના ભક્તોને દેરાસરો ઉભા કરવાની નહીં, પરંતુ મહાવીર વિદ્યાલય જેવી બોર્ડીંગો ઠેરઠેર ઉભી કરવાનો બોધ આપેલ. જેના પરિણામે એ એક વટવૃક્ષ બની છે અને હજારો જૈન વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ રહ્યા છે.

જ્યારે અત્યારે આપણે અધ્યાત્મિક (ધાર્મિક) બ્લેક મેઈલીંગનો ભોગ બની રહ્યા છીએ. અઢી હજાર વર્ષ પહેલાં બ્રાહ્મણો દ્વારા થતી આવતા બ્લેક મેઈલીંગમાંથી લોકોને ઉગારવા મહાવીરે જૈન ધર્મનો ફેલાવો કર્યો. અત્યારે આપણે ફરીથી એ દુષણનો ભોગ બની રહ્યા છીએ. કોઈ સાહેબને વાંદવા ૧,૦૦૦ માણસોને લઈ જવા, સ્વામિવાત્સલ્યો કરવા, વિવિધ ધાર્મિક ઉજમણાઓ કરવા, પહેડીઓ કરવી. ઈત્યાદિ લોભ અને બીકના પરીણામો છે. મહાવીરે આપણને એ બન્ને ત્યાગવાનો બોધ આપેલ. મહાવીરના નામે આપણે એમના બોધથી વિરૂધ્ધ જ વર્તી રહ્યા છીએ. એ સર્વે બાબતો ઓછામાં ઓછા દશ વર્ષ સુધી મુલતવી રાખીને જ્ઞાતિની અતિ જરૂરી અને અતિ અગત્યની બાબતો હાથ ધરવી જોઈએ. પણ જેવી કે વૈદ્યકીય સહાય, જેમ નાની સામાન્ય માંદગીમાં પણ લાખો રૂપિયાનો ખર્ચ આવી પડે છે, જે મધ્યમવર્ગના ગજા બહાર છે, ગરીબવર્ગની તો વાતજ ન કરવી. એ ક્ષેત્રે કે.ડી.ઓ. ક્લાસીક બનતા પ્રયત્નો કરે છે. શ્રી કુલીન લુઠીયા પણ તે ક્ષેત્રે સમર્પીત છે. મુંબઈ મહાજને પણ મેડીકલ ટ્રસ્ટ ઊભું કરેલ છે. પરંતુ હજુ ખૂબજ કરવાની જરૂર છે. ગરીબ કુટુંબો, વિધવાઓ, વૃધ્ધોને આર્થિક મદદ મળે તે ત્રીજો પ્રશ્ન લેખી શકાય. મહિને ફક્ત રૂા.૧૦૦/૨૦૦ની સહાય અપૂરતી છે. એવા કેટલાય કુટુંબો-વિધવાઓ છે જે ત્રાણ સાંધે તો તેર તૂટે. એમને મદદ કરવી એ ખરૂં સ્વામિવાત્સલ્ય અને સ્વામિભક્તિ છે. કમનશીબે આપણા સાહેબો એમનો અર્થ આપણને ખોટી રીતે શીખવાડે છે.

આ પછી, રહેઠાણનો પ્રશ્ન વિચારીએ ટ્રસ્ટના મકાનોમાં રહેવાવાળા એમના રહેઠાણો ઓનરશીપ પર થઈ જાય એવી ભાવના રાખે એ શોભાસ્પદ નથી. "અનંતછાયા"ના પ્રશ્નનો ઉકેલ એવી રીતે લાવવો જોઈએ કે, ટ્રસ્ટની માલીકી જાય નહીં, અને જે વધારાના આવાસો બંધાય ત્યાં જ્ઞાતિજનોનો વસવાટ થાય. રૂા.૪૦/૪૫ કરોડ રોકડા લેવાને બદલે વધારે રહેઠાણો કડક શરતોએ જ્ઞાતિજનોને અપાય તેની યોજના કરવી જોઈએ. આપણી જ્ઞાતિના અનેક બીલ્ડરો આ માટે સેવા આપવા તત્પર છે.

આશા રાખીએ કે, આપણા મહાજનો, ટ્રસ્ટો અને સંસ્થાઓના અધિકારીવર્ગ અને કાર્યકર્તાઓ સમગ્રતયા વિચાર કરશે અને જ્ઞાતિ હિતાર્થે સમાજોપયોગી નક્કર પગલાં લેશે.


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)

શ્રી શાંતિનાથાય નમઃ | શ્રી યુગાદિનાથાય નમઃ | નમો નમઃ શ્રી ગુરૂ ગુણસાગરસૂરયે




## શાસન સમ્રાટ, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ
## પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા
### જન્મશતાબ્દિ મહોત્સવ સમિતિ આયોજીત



## વરસી તપના તપસ્વીઓની
# સૂરિગુણ જન્મશતાબ્દિ નવધન સ્પે. ટ્રેન

## ભવ્યાતિભવ્ય પ્રસ્થાન સમારોહ હવે તા. ૫/૧૨/૨૦૧૨ નાં બપોરે ૧૨.૦૦ કલાકે

નવધન એક્ષપ્રેસ સ્પેશીયલ ટ્રેન દ્વારા યાત્રા કરનાર યાત્રિકો આપણી યાત્રા પ્રવાસની તારીખમાં થયેલ ફેરફાર નોંધી લેશો. સંજોગવસાત્ નવધન એક્ષપ્રેસ સ્પે. ટ્રેનનો પ્રયાણ તા. ૨/૧૨/૨૦૧૨ રાતનાં ૧૨.૦૦ વાગ્યાને બદલે તા. ૫/૧૨/૨૦૧૨ બપોરનાં ૧૨.૦૦ કલાકે બાંન્દ્રા સ્ટેશનેથી થશે. તેની આપ ખાસ નોંધ લેશોજી. **બાંન્દ્રા સ્ટેશને સવારે ૧૦.૩૦ કલાકે આવી જવું.** બાંન્દ્રા થી ગાડી નોનસ્ટોપ ચાલશે.

## યાત્રા કાર્યક્રમની વિગતવાર રૂપરેખા

**તા. ૦૫/૧૨/૨૦૧૨, બુધવાર**

| | |
|---|---|
| બપોરે ૧૨.૦૦ કલાકે | પાલીતાણા તરફ પ્રયાણ. |

**તા. ૦૬/૧૨/૨૦૧૨, ગુરૂવાર**

| | |
|---|---|
| સવારે ૫.૦૦ કલાકે | પાલીતાણા આગમન. |
| સવારે ૬.૩૦ કલાકે | તળેટીએ વાજતે-ગાજતે પ્રયાણ, ગિરિરાજની યાત્રા કરવાની. |
| સાંજે ૬.૦૦ કલાકે | ભાઈઓનું પ્રતિક્રમણ ચેન્નાઈ ધર્મશાળામાં |
| સાંજે ૬.૦૦ કલાકે | બહેનોનું પ્રતિક્રમણ મેવાડ ધર્મશાળામાં |
| સાંજે ૭.૦૦ કલાકે | ચેન્નાઈ ધર્મશાળામાં ભાવના તથા ૯૯ યાત્રા જેવી મહાઆરતી દરેકને દિવા આપવામાં આવશે. |

**તા. ૦૭/૧૨/૨૦૧૨, શુક્રવાર**

| | |
|---|---|
| સવારે ૬.૦૦ કલાકે | દર્શન-સેવા-પૂજા |
| સવારે ૮.૦૦ કલાકે | વર્ષીતપનાં તપસ્વીઓનાં પારણાં મેવાડ તેમજ ચેન્નાઈ ધર્મશાળામાં |
| સવારે ૯.૩૦ કલાકે | પૂ. આ. ભગવંતનું પ્રવચન. |
| સવારે ૧૧.૦૦ કલાકે | શ્રી સિદ્ધચક્ર પૂજન |
| બપોરે ૩.૦૦ કલાકે | તપસ્વીઓના અત્તરપારણાં. |
| સાંજે ૬.૩૦ કલાકે | પાલીતાણા સ્ટેશન તરફ પ્રયાણ. |
| સાંજે ૭.૩૦ કલાકે | ટ્રેન દ્વારા કચ્છ તરફ પ્રયાણ. |
| સાંજે ૮.૦૦ કલાકે | ટ્રેનમાં ભાવના-આરતી-મંગળદીવો |

**તા. ૦૮/૧૨/૨૦૧૨, શનિવાર**

| | |
|---|---|
| સવારે ૫.૦૦ કલાકે | ગાંધીધામ સ્ટેશને આગમન. પ્રથમ ગ્રુપનું બસો દ્વારા ૭૨ જિનાલય પ્રયાણ. |
| સવારે ૭.૩૦ કલાકે | ૭૨ જિનાલય આગમન. |
| ૭.૩૦ થી ૯.૩૦ ક. | દર્શન-સેવા-પૂજા |
| સવારે ૫.૦૦ કલાકે | બીજા ગ્રુપનું બસો દ્વારા ભદ્રેશ્વર તીર્થ તરફ પ્રયાણ. |
| સવારે ૬.૩૦ કલાકે | ભદ્રેશ્વર આગમન |
| ૬.૩૦ થી ૮.૩૦ | દર્શન-સેવા-પૂજા |
| સવારે ૮.૦૦ કલાકે | ૭૨ જિનાલય તરફ પ્રયાણ. |
| સવારે ૯.૩૦ કલાકે | ૭૨ જિનાલય આગમન |
| સવારે ૧૦.૦૦ કલાકે | ગુરૂગુણ સમાધિ મંદિર પાસે મંડપમાં બધાં યાત્રિકો ભેગા થશે. |
| સવારે ૧૦.૧૫ કલાકે | અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. નું માંગલિક પ્રવચન, સંઘપતિઓનું બહુમાન, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ને વંદનાવલી દ્વારા ગુરૂભક્તિ. |
| બપોરે ૨.૩૦ કલાકે | ભદ્રેશ્વર તીર્થ તરફ બસો દ્વારા પ્રયાણ |
| બપોરે ૪.૦૦ કલાકે | ભદ્રેશ્વર દર્શન-વંદન. |
| સાંજે ૫.૩૦ કલાકે | ગાંધીધામ જવા પ્રયાણ |
| સાંજે ૭.૦૦ કલાકે | ટ્રેન દ્વારા હસ્તિનાપુર તરફ પ્રયાણ |

**તા. ૦૯/૧૨/૨૦૧૨, રવિવાર**

| | |
|---|---|
| સંપૂર્ણ દિવસ ટ્રેનમાં | ટ્રેનમાં તપસ્વીઓનાં પારણાં - સ્નાત્રપૂજા - ભક્તામર - ચૈત્યવંદન રાત્રી ભાવના - આરતી - મંગળદીવો. |

**તા. ૧૦/૧૨/૨૦૧૨, સોમવાર**

| | |
|---|---|
| સવારે ૫.૦૦ કલાકે | મેરઠ સ્ટેશને આગમન, બસો દ્વારા હસ્તિનાપુર તીર્થ તરફ પ્રયાણ. |
| સવારે ૭.૦૦ કલાકે | હસ્તિનાપુર આગમન, |
| ૭.૦૦ થી ૧૧.૩૦ | હસ્તિનાપુર તીર્થે સેવા-પૂજા |
| ૧૨.૦૦ થી ૪.૩૦ | શ્રી ભક્તામર મહાપૂજન |
| સાંજે ૫.૦૦ કલાકે | શ્રી આદિનાથ ભગવાનનાં પગલાનાં દર્શન |
| સાંજે ૭.૦૦ કલાકે | મેરઠ સ્ટેશને આગમન. |
| સાંજે ૮.૦૦ કલાકે | મુંબઈ તરફ પ્રયાણ |
| સાંજે ૮.૩૦ કલાકે | ભાવના - આરતી - મંગળદીવો |

**તા. ૧૧/૧૨/૨૦૧૨, મંગળવાર**

| | |
|---|---|
| સંપૂર્ણ દિવસ ટ્રેનમાં | ટ્રેનમાં બન્ને ટાઈમ પારણા કરાવીશું. સમગ્ર દિવસ દરમ્યાન ભક્તામર - ચૈત્યવંદન - સ્નાત્રપૂજા - ભાવના - આરતી - મંગળદીવો |

**તા. ૧૨/૧૨/૨૦૧૨, બુધવાર**

| | |
|---|---|
| સવારે ૫.૦૦ કલાકે | બાંન્દ્રા સ્ટેશને આગમન. યાત્રા સમાપ્ત. |

**વધારે માહિતી માટે સંપર્ક :**

- પ્રવિણ ગાલા - 98928 78999
- છગનલાલ સંગોઈ - 98700 61749
- જનક ગાલા - 98197 64670 / 98196 74670
- ગીતા સાવલા - 98208 98535
- હીના દેઢિયા - 2836 4046
- મીનલ નંદુ - 97734 77136 / 2838 8990

**લિ. સૂરિગુણ શતાબ્દિ મહોત્સવ સમિતિ**



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ “તેજ”ની અમૃતવાણી... (૧૩)

- સોમ ઘરમશી (કચ્છ)

***આયો આદર મંગે, વેઓ મંગે મોકલાવો***
***ઈતરો માન ડઈ બુજે, ઈ રંક મુંજે મન રાઓ!***
***(શબ્દાર્થ : રાઓ = રાજા)***

**ભાવાર્થ** : કવિશ્રી તેજની મર્માળી બે પંક્તિઓ વચ્ચે છુપાયેલો સંદેશો શોધવા મરજીવા બની મહેરામણમાં કુદવું પડે તો “મરમજા મોતી” મળે. સાવ સરળ લાગતી ઉપરની પંક્તિઓ સંબંધોના સમીકરણ ઉપર (Relationship Management) પ્રકાશ પાડે છે. વિસ્તૃત રીતે સમજવા આજથી ૫૦-૬૦ વર્ષ પૂર્વનાં કચ્છનાં કે દેશાવરનાં ગામમાં પ્રવેશીએ તો આવા માન મળે. જ્યાં આખા દિવસમાં એકદા ટ્રેન કે બસ માંડ આવતી હોય.

તે જમાનામાં કોઈના ઘરના પરિવારજન કે મહેમાન આવવાનાં હોય તો તેમને ઉતારવા પરિવારનાં બધા સદસ્યો સ્ટેશને ભેગા થતાં.

સ્ટેશનથી ઘર સુધી રસ્તામાં જે કોઈ મળતું તે “કો ભા આયા” અને ગામમાંથી અન્ય સ્થળે જવા વિદાય લેતું ત્યારે “કો વેનોતા? પાછા જલદી અચીજા” કરી વ્હાલભરી વિદાય આપતું.

કવિશ્રી મોઘમ ઈશારો કરતાં કહે છે કે જે વ્યક્તિ મીઠો આવકારો આપી શકે અને વસમી વિદાયને પણ ફુલ જેવી હળવી કરી શકે તે વ્યક્તિ ભલે રંક-ગરીબ હોય પણ નથી તે રાજા કરતાં પણ વધુ સમૃધ્ધ અને સમર્થ હોય છે.

સાથે સાથે કવિ, પધારનારા કે વિદાય લેનાર મહેમાન, સ્નેહી સ્વજને પણ આડકતરી ટકોર કરે છે કે જ્યાં આદર, મનનાં સત્કાર ન હોય ત્યાં કદિ જવું નહીં. આજે પણ દેશાવરનાં કેટલાક શહેરોમાં રેલ્વે સ્ટેશન પર લેવા અને મુકવા કે નાસ્તા અને જમણનાં ટીફીન પહોંચાડવા આપણા સ્નેહી સ્વજનો કે જ્ઞાતિજનો ઉદાર પ્રેમભાવે હાજર હોય છે. દેશ-દેશાવળની આતિથ્ય સત્કાર અને જ્ઞાતિપ્રેમની ભાવના ખરેખર અનુમોદનીય છે. ભલે સંબંધ કંઈ પણ ન હોય અને ખબર પડે કે આપણી જ્ઞાતિના છે તો તેઓ ધંધા-વ્યવસાય કે કોઈપણ ભોગે આગતાસ્વાતા-પુછપરછ માટે જરૂર આવે. આ “અતિથીદેવો ભવ”ની ભાવના એક આગવી મુડી છે.

### સગપણ સેતુ

ગોંદીયા (મહારાષ્ટ્ર) સ્થિત, ઉ.વર્ષ ૨૯, ઉંચાઈ ૫’-૬”, સ્લીમ, કુંવારા, સારું કમાવતા યુવક માટે કુંવારી કન્યાના વડીલો ફોટા/બાયોડાટા સાથે સંપર્ક કરે.
ફોન: (07182) 236949/09764002913/08698530689

## “પ્રકાશ-સમીક્ષા” સાપ્તાહિકના જાહેરખબર દરમાં વધારો અને અગોતરી ચુકવણી કરવા અપીલ

*સતત વધતા જતાં પેપરના દરો, પ્રિન્ટીંગ-બાઈન્ડીંગ મજુરીના દરના કારણે પ્ર.સ.ની સમિતિને સપ્તાહના ₹૬૦૦૦૦/-ના ખર્ચ બજેટને પહોંચી વળવા જા.ખ. દરમાં વધારો કરવાનો નિર્ણય લેવો પડયો છે. એ નિર્ણય મુજબ તા.૧-૧-૧૩થી નવા દર નીચે મુજબ રહેશે.*

| સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|
| આખું પાનું | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | ૨,૫૦૦ | ૧,૨૫૦ |

*આ ઉપરાંત જાહેરખબર દાતાઓના પેમેન્ટ સમયસર આવતા નથી. એમાં પણ જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, એકમો અને વ્યક્તિગત આપેલી જાહેરાતના પેમેન્ટ મોકલવામાં ૬થી ૮ મહીનાના અને કોઈક કિસ્સામાં દોઢેક વરસ સુધી વિલંબ કરતા આવે છે. જે સમગ્ર રકમ દોઢથી બે લાખ જેટલી થવા પામે છે. અને એથી પ્રકાશ-સમીક્ષા સમિતિના સભ્યોએ બેંકમાં રોકડા જમા કરાવવા પડે છે. જેમાંથી કાગળના અને પ્રિન્ટિંગના બીલો ચુકવાય છે. જે ઉઘરાણી બાકી છે તેની યાદી પ્રમાણે વર્ષ ૨૦૧૦ સુધી ₹૩૬,૦૦૦/- વર્ષ ૨૦૧૧ના ₹૩૫,૦૦૦/-, વર્ષ ૨૦૧૨ના ૩૧ માર્ચ સુધી ₹૨૧,૦૦૦/- અને ૨૦૧૨ ૧ એપ્રિલથી અત્યારસુધી ₹૮૭,૫૦૦/- મળી કુલ્લે ₹૧,૭૯,૫૦૦ થાય છે. આ અનુભવથી જાહેરખબરની આગોતરી ચૂકવણી ફરિજીયાત બનાવાની ફરજ પડી છે તેની નોંધ લેવા વિનંતિ.*

*- “પ્રકાશ-સમીક્ષા” સમિતિ*

K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ - ઘાટકોપર)
98204 57676



# REQUIRED

## Graduates, Under Graduates who have completed their studies, for a Stock Broking firm at Prabhadevi.

**Interested persons please send their biodata at**

**jobs@dharamshi.net**

DHARAMSHI
SECURITIES PVT. LTD.
DILIGENT* DECISIVE

**Dharamshi Securities Pvt. Ltd.**

**Dharamshi Commodities Pvt. Ltd.**

Quest, 1073 Rajabhau Desai Marg,
Behind Baumonde Towers, Prabhadevi, Mumbai-400 025.



## સનસીટી ડેવલપર્સ–ભુજ

**સનસીટી–૧**

**ત્રીસમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 1739 | મારૂતિ અલ્ટો | પ્રમોદ મુલજી નાગડા-બુરહાનપુર | લબ્ધી / શરદ દંડ |

કોમ્પ્યુટર સેટ : ૧૯૩૧, હેન્ડીકેમ કેમેરો : ૨૫૧, ફ્રિઝ ૨૩૦ લિ. ૧૧૦૨, આટા મેકરઃ ૧૦૯૪, ફ્રિઝ : ૧૦૪૨, ટીવી ૨૦" : ૧૨૮૮, વોશીંગ મશીન : ૧૫૬

**–: આશ્વાસન ઈનામો :–**

(૪થી ૫ ઓવન) : ૧૫૫૯, ૪૨૨
(૬થી ૧૦ ડીવીડી પ્લેયર): ૩૧૬, ૭૫૧, ૧૬૦, ૧૮૯૭, ૧૦૦૨
(૧૧થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર): ૧૯૭૬, ૫૫૦, ૩૯૧, ૬૦૮, ૧૭૪૦
(૧૬થી ૨૫ સેન્ડવીચ મેકર) : ૨૫૦, ૧૮૦૪, ૧૨૯૮, ૧૭૧૭, ૧૨૪૯, ૧૭૫૩, ૧૫૫૬, ૫૭૩, ૧૨૨, ૯૨૭
(૨૬થી ૩૫ સોડા મેકર) : ૧૬૧૨, ૧૯૪૧, ૬૩૦, ૧૯૫૨, ૧૩૯૮, ૧૬૯૮, ૧૬૦૬, ૧૦૩, ૧૨૫૮, ૫૬૩
(૩૬થી ૪૫ મોબાઈલ કલર) : ૧૯૨૬, ૫૨૮, ૧૨૮૯, ૯૩, ૭૦૩, ૪૬૮, ૧૦૨૯, ૧૬૦૧, ૮૫૩, ૧૫૩૯
(૪૬થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૧૫૨૫,૮૪૯, ૧૫૪૫, ૧૮૧૭, ૨૬૬, ૧૩૮૨, ૨૧૮, ૧૯૮૯, ૧૬૪૮, ૧૩૫૧, ૧૧૦, ૧૯૦૩, ૧૨૭૨, ૨૩૪, ૮૬, ૭૧૨, ૧૦૯૬, ૨૧૭, ૧૪૦૧, ૧૧૩
(૬૬થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૧૮૧૬, ૧૮૬૧, ૬૦૯, ૧૨૪૩, ૧૨૬૮, ૧૪૨, ૬૩૮, ૧૯૨૫, ૯૦૬, ૧૨૬, ૫૧૧, ૧૫૧૬, ૧૬૧, ૧૮૫૧, ૧૮૮૧

**એકત્રીસમી મિટિંગ તા.૯-૧૨-૧૨ એકમ ભવન ભુજ મધ્યે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99096 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**



**૫૦ વર્ષની વિશ્વાસુ પરંપરા સાથે મુલુંડના આંગણે...**

## રમણીકલાલ જયંતિલાલ જ્વેલર્સ

(વિજય શાહ)

શૉપ નં.૩, A વિંગ, ગ્રાઉન્ડ ફ્લોર,
પ્રણવ કમર્શિયલ પ્લાઝા, શિવસેના ઓફિસની બાજુમાં,
એમ.જી.રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦.

**સોનાના દરેક વજનનાં સિક્કા મુંબઈના હોલસેલ ભાવે મુલુન્ડમાં મળશે.**
**અમારી વિશેષતા : ચાંદીના સિક્કા સોનાની એન્ટીક જ્વેલરી તથા ચાંદીની નોટ વગેરે અમારે ત્યાં ઉપલબ્ધ છે. સોનાના જુનાં ઘરેણાં પણ ખરીદીએ છીએ.**

**સંપર્ક : 98201 18781 / 2568 0323**

## રહેઠાણ સમસ્યાએ સગપણ સમસ્યાને ગંભીર બનાવી છે - *કેસરસિંહ ખોના (ડોંબિવલી)*

ખાસ કરીને મુંબઈ તેમજ અમુક મોટા શહેરોમાં વસતા આપણા જ્ઞાતિબંધુઓ હાલ મુખ્યત્વે બે વિકરાળ પડકારોનો સામનો કરી રહ્યા છે એક છે આવાસ અને બીજી છે સગપણ. વળી, આ બંને સમસ્યાઓ કેટલેક અંશે પરસ્પર સંકળાયેલી છે. એ હકીકત છે કે સધ્ધર આવક ધરાવતા પણ ઘર ન લઈ શકનારા તરૂણો માટે જ્ઞાતિકન્યાઓ નનૈયો ભણે છે. પગાર કે આવકનું ધોરણ ઊંચું હોવા છતાં મુંબઈ શહેરમાં પ્રવર્તતા ભાવો કારણે પોતાનું ઘર લેવાનું લગભગ અસંભવ બની રહ્યું છે.

આપણી જ્ઞાતિની મુખ્ય સંસ્થાઓ-અનંતનાથજી ટ્રસ્ટ કે જેનો એક મહત્વનો હેતુ પોતાનું ઘર લેવામાં અક્ષમ જ્ઞાતિબંધુઓ માટે યોગ્ય રહેઠાણ મેળવવામાં મદદરૂપ થવાનો છે, તે ઉપરાંત મુંબઈ મહાજન અને હાલમાં સક્રિય કરાયેલા સમસ્ત મહાજન જ્ઞાતિની આ સળગતી સમસ્યાનો ઉકેલ લાવવામાં ખાસ કંઈ કરી શકી નથી.

જ્ઞાતિના નાણાનો દુર્વ્યય અને વાણીવિલાસના જ દર્શન થાય છે. "અનંતછાયા"નું વેચાણ કરવાને બદલે તે જમીન પર એ રીતે પુનર્વિકાસ કરવાની જરૂર હતી કે આપણાં જ્ઞાતિના કેટલાક વધારાના કુટુંબોને પણ રહેઠાણ મળે. તેવી જ રીતે કાંજુરમાર્ગની જમીન હાથમાંથી સરી જવાની સ્થિતિમાં આવી ગઈ છે. ભાંડુપની "અનંતસિધ્ધિની મિલ્કત પણ વિમાસણમાં પડેલી જણાય છે. તક અને શક્તિ હોવા છતાં પણ અનંતનાથ ટ્રસ્ટ બોર્ડ, મુંબઈ મહાજન અને સમસ્ત મહાજન આ દિશામાં કેમ સક્રિય નથી તે આશ્ચર્યની બાબત છે.

સમસ્ત મહાજન "જન જાગરણ"ના નામથી અભિયાન ચલાવી રહ્યું છે જનસંપર્ક માટે, પણ પોતે જ્ઞાતિની સમસ્યાઓ, અનંતછાયા સ્થિત અનંતનાથ દાદાના જિનાલયના વેચાણ બાબતે શા માટે જાગૃત નથી? અનંતછાયાના વેચાણ અંગે ઉભી થયેલી મડાગાંઠ ઉકેલવાની દિશામાં સમસ્ત મહાજનના પગલાં સંદિગ્ધ છે. જ્ઞાતિની મિલકતોનું વેચાણ કરવાના બદલે અનંતનાથ ટ્રસ્ટની કલમ ૧૯(ઓ) મુજબ જરૂરતમંદોની રહેઠાણની સમસ્યા ઉકેલવા અનંતછાયા, "અનંતસિધ્ધિ" અને અનંતનાથ કૉમ્પ્લેક્સ (કાજુરમાર્ગ)ની મિલકતો અંગે સંયુક્ત રીતે વિચારણા કરી યોજના કરવી જોઈએ. અનંતનાથજી ટ્રસ્ટના એક ટ્રસ્ટી આંબીવલીના એક પ્રોજેક્ટમાં જોડાયેલા છે તેમાં કે ટિટવાલા સ્ટેશન પાસે આકાર લઈ રહેલા ટાઉનશિપ પ્રોજેક્ટ જે કલ્યાણથી લગભગ ૨૦ મિનિટ (લોકલ ટ્રેન દ્વારા)ના અંતરે છે ત્યાં ડેવલપર સાથે મળી ઈચ્છુક જ્ઞાતિજનોને ફ્લેટ અપાવી શકાય.

વળી, જે તે ભાડુતને રીડેવલેપમેંટ સ્કીમ હેઠળ વધારાની જગ્યા ન ફાળવતાં ફાજલ રહેલી જગ્યા જરૂરતમંદોને મળે તેવા પ્રયાસ કરવા જોઈએ.

અહીં નોંધવું રહ્યું કે કાંજુરમાર્ગ ડંપિંગ ગ્રાઉન્ડના લીધે, અનંતનાથ કૉમ્પ્લેક્સમાં રહેતા જ્ઞાતિબંધુઓના પુનર્વાસની જરૂરિયાત કદાચ ઉભી થશે એ બાબત લક્ષ્યમાં લેવી રહી.

આ માટે જ્ઞાતિના ગામેગામના મહાજનો, મુંબઈ મહાજન તથા સમસ્ત મહાજન આર્થિક સહયોગ સાધી કમસેકમ રહેઠાણની સમસ્યા ઉકેલી શકે છે. એટલું જ નહીં જ્ઞાતિકન્યાઓના વેવિશાળ માટે પણ એક માર્ગ ખોલી શકે છે.

અહીં નોંધવું રહ્યું કે દરેક કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિજનો પૈકી ખાસ કરીને નબળા અને મધ્યમવર્ગના બંધુઓને અનંતનાથ ટ્રસ્ટની જગ્યા મેળવવાનો અધિકાર છે કારણ કે તેઓ પણ એ ટ્રસ્ટના લાભાર્થી છે એ વાત ભુલાવી ન જોઈએ.


### સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી-૨**

**અઢારમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 680 | હોન્ડા સાઈન | જયસ્વાલ સંજયભાઈ શાતિલાલ | |

કોમ્પ્યુટર સેટ: ૧૧૩૭, હેન્ડીકેમ કેમેરા: ૩૯૦, ફ્રિઝ ૨૩૦ લિ.: ૨૨૫, આટા મેકર: ૧૮૬૬

**-: આશ્વાસન ઈનામો :-**

(૧. ફ્રીઝ): ૧૦૭, (૨. ટીવી) : ૬૧૮, (૩. વોશીંગ મશીન) : ૯૨૫
(૪ થી ૫ ઓવન) : ૧૨૧૯, ૧૯૪૭
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૮૯, ૪૧૮, ૧૦૯૩, ૧૧૭૧, ૧૭૩૬,
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૬૪૫, ૩૯૯, ૭૪૦, ૧૨૧૫, ૨૨૩૮
(૧૬ થી ૨૫ સેન્ડ્વીચ મેકર) : ૨૮, ૨૦૪, ૩૨૯, ૪૨૫, ૬૫૯, ૧૫૧૧, ૧૧૪૭,૧ ૫૭૨, ૨૨૪૪, ૭૨૬
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૧૪૧૬, ૨૪૨, ૮૪૦, ૮૫૧, ૧૧૧૬, ૧૮૬૧, ૧૭૪૦, ૫૮, ૯૬૬, ૩૩૯
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૫૯૦, ૯૬૧, ૧૦૬૯, ૧૧૦૭, ૫૬૬, ૧૪૪૨, ૧૦૯૯, ૧૭૯, ૭૪૨, ૫૨૬
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૧૬૬૭, ૧૦૪૮, ૩૮૪, ૧૯૧૧, ૨૨૦૩, ૩૮૬, ૧૫૮૭, ૨૦૫૦, ૧૯૫૫, ૧૧૬૧, ૧૯૮૨, ૧૩૮૬, ૯૫૩, ૨૧૦૮, ૧૧૨૦, ૧૮૭, ૮૬૭, ૧૭૦૫, ૭૮૪, ૧૩૨૦
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૫૫૧, ૧૮૮૭, ૧૯૯, ૧૪૭, ૫૧૭, ૨૨૦૬, ૧૩૬૩, ૧૦૫, ૮૨૫

**આગામી મિટિંગ તા.૫-૧૨-૧૨ના સાંજે ૪ કલાકે રાખેલ છે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99096 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

## SOCIAL CYBER CRIME

*- Pravinchandra S. Dharamashi* (Surat)

Evolution is a continuous and constant process. Evolution is a process of change. Generally what nature does is called evolution. While what we human do may be called change, alteration, advancement and progress. In society most of the changes are done to improve our life style, for comfort, for economic gain to name a few reasons for the change. In human society earlier physical power or strength was considered superior, so people with physical strength like wrestlers were respected. Even in other commercial and agricultural activities, the emphasis was on physical power, force, strength or tenacity. Persons who can work for longer hours or can perform tough, hard and strenuous jobs were given more rewards and recognition. With the passage of time, human invented machines which can perform hard, harsh, tough tedious, monotonous and works or activities which need too much physical power or extended working hours. But the use of machines needed intelligence as well as knowledge and skills. So emphasis and respect shifted to the persons who were mentally powerful or intelligent. So, the demand for such persons, who were skilled, trained and technically knowledgeable, increased. With the passage of time, more and more sophisticated controls and automation in all the human activities became routine. Then came the advent of computers, microelectronics, chips, microprocessors and mobile, handy and user friendly gadgets, which changed the life style of human race. Today with the flip of touch you can perform such operations or work which earlier took hours and too much human intervention. This is the brief narration of progress of human race.

In society there are always crimes and criminals. The method of perpetrating crime or what is called modus operandi also changed with the passage of time. As detailed earlier, the physical power was considered superior in olden times, so criminals used this physical power to perpetrate crimes like loots, dacoity, robbery, abductions and extortion. With the passage of time, the criminals became more sophisticated and started using their brain and knowledge which lead to white collar crimes like scams, frauds, and misuse of credit or debit cards to name a few such crimes. With the wide spread use of electronics and software in our day to day activities and more so in trade, commerce and banking activities, the criminals also evolve new methods of crime which is now called CYBER CRIME. One such cyber crime includes hacking the pass word of bank account and fraudulent withdrawals of cash. These are economic crimes or the motive behind the crime is to get monetary benefits.

Electronics and soft ware have become the part and parcel of our daily life. With the use of internet and a PC in almost all urban houses, the social contacts (without physical travelling or meeting) have also increased. This lead to what is known a SOCIAL NETWORKING. Face book, Twitter and Linkadin are some of the widely used social networking sites. Criminal minds use even information such as mobile number or photograph available on such sites for defamation of the person they hate. The brief details of one such incident which was reported in a T.V. serial are highlighted as under.

A teenager boy fell in one sided love with a young girl. The girl did not respond to the boy's overtures. The girl had some other friends. The rejected and dejected boy became furious and decided to make the girl's life a hell. The boy got hold of the girl's photo as well as mobile number. He then with the use of computer prepared obscene photographs of the girl and published the same on net with her mobile number and projected her as a call girl. The girl started getting frequent phone calls from different persons, asking her for her

charges and other indecent things. The girl became a mental wrack. Fortunately her family was beside her and they reported the matter to the police. The police with the help of cyber specialists could nab the culprit after a lot of efforts.

My son and I have our accounts on face book. We find many K.D.O. girls and women on face book. After the above incident, we feel that the girls and women should not display their photographs and mobile numbers on any social sites. Criminals may misuse the same. This article is written with the intention that we learn from someone else's mistake and be on our guard. Of late many incidents are reported in local news papers, wherein a criminal minded person makes what is known as MMS (a small video clip or film taken with the help of mobile phone or handy cam) in which innocent persons (young girls in majority of the cases) are portrayed in indecent acts or positions. The criminals use such MMS either to blackmail a person or to extract money. So beware of a person taking your photographs. My son and wife suggested that I write on this topic as social cyber crimes are increasingly on the rise.

***(Feedback Contact : 09978903247)***

## કાવ્ય-પ્રકાશ : ગુરૂજીનું સ્વાગત ગીત

**(રાગ : સાવન કા મહિના પવન કરે શોર...)**

ધીરે ધીરે આવો ગુરૂજી અમ ઘેર
આવતાં રસ્તામાં મુસીબત ના પડે... (૨)
આંગણીયા વાળી મેં તો સાફ કરાવ્યાં,
ફુલડાનાં તોરણ મેં તો બારણે બંધાવ્યાં,
મનડું તો ગુરૂજી તમારી માળા રે જપે... આવતાં રસ્તામાં....
આમંત્રણ આપી મેં તો સંઘને બોલાવ્યા,
સંઘને જોઈને અમે ખુબ હરખાયા
આશિર્વાદ ગુરૂજી, આપોને અમને... આવતાં રસ્તામાં...
વર્ધમાનનગર જૈન સંઘ ખુબ હરખાય છે,
નીત નવા ધર્મ કાર્યક્રમો રોજ યોજાય છે,
આપની નિશ્રામાં અનુષ્ઠાનો ઉજવાય... આવતાં રસ્તામાં...
તપસ્વીરત્ન ગુરૂજી, પધારો અમ ઘેર,
ગણિવર્ય ગુરૂજી, પધારો અમ ઘેર
શાસનની શોભા વધારો ચારે કોર.. આવતાં રસ્તામાં...

*- જ્યાબેન પ્રબોધ મુનવર* (ભુજ)


Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ.



## સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી-૩**

**૧૨મી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 871 | હોન્ડા એક્ટીવા | મિતેષભાઈ પાલાભાઈ ભુડીયા | |

કોમ્પ્યુટર સેટ: ૧૪૫૯, હેન્ડીકેમ કેમેરો:૧૭૧૩, ફ્રિઝ ૨૩૦ લિ. ૧૪૬૩, આટા મેકર:૧૦૧૦

**-: આશ્વાસન ઈનામો :-**

(ફ્રિઝ) : ૧૩૦, (ટીવી) : ૧૨૮૨, (વોશીંગ મશીન) : ૧૫૪૭,
(૪થી ૫ ઓવન) : ૧૧૧૪, ૧૧૩૨
(૬થી ૧૦ ડીવીડી પ્લેયર):૫૧૮, ૧૦૯૪, ૭૬૨, ૧૯૫૭, ૧૦૫૫
(૧૧થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર):૧૮૬૦, ૧૫૮૦, ૧૩૪૦, ૫૯૫, ૧૪૭૩
(૧૬થી ૨૫ સેન્ડવીચ મેકર) : ૮૨૦, ૧૬૭૧, ૨૪૦, ૧૦૩૫, ૧૨૮૫, ૫૨, ૨૬, ૨૦૩૧, ૧૧૪૯, ૫૫૮
(૨૬થી ૩૫ સોડા મેકર) : ૯૬, ૧૯૪૩, ૧૬૭,૧ ૦૧, ૪૫૦, ૮૬૮, ૧૯૯૩, ૯૬૯, ૬૮૪, ૧૨૪૬
(૩૬થી ૪૫ મોબાઈલ કલર) : ૧૫૫૫, ૧૭૬૯, ૫૩૩, ૮૪૨, ૫૭૬, ૪૯૪, ૯૬૦, ૧૨૮, ૫૮, ૯૦૮
(૪૬થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૨૦૧, ૬૨૭, ૭૪૨, ૧૭૮૭, ૬૩૫, ૮૩૧, ૧૯૩૪, ૧૭૨૪, ૧૧૪૨, ૫૯૪, ૧૩૨૨, ૫૫૧, ૧૯૭૪, ૮૧૪, ૯૫૭, ૧૪૬૪, ૬૮, ૨૪૯, ૯૦૦, ૧૩૮૫
(૬૬થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૧૪૮૨, ૮૫૮, ૨૪, ૧૧૧૯, ૧૫૩, ૧૫૨૧, ૧૫૧૪, ૮૪, ૨૮, ૫૫૦, ૧૪૪૬, ૬૨૬, ૧૪૯૧, ૧૨૭૭, ૮૦૦

**તેરમી મિટિંગ તા.૧૪-૧૨-૧૨ એકમ ભવન ભુજ મધ્યે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99096 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

## શરીર-મંદિરની ભવ્યતા પીછાણો

સૌ પ્રથમ તો આપણે એ સ્વીકારી લેવું જોઈએ કે માંદગી કોઈ આપત્તી કે અભીશાપ નથી. આપણે એવું માની બેઠા છીએ કે આપણું શરીર હમેશાં આદર્શ સ્થિતીમાં હોવું જોઈએ, જે ખરેખર શક્ય જ નથી.

રોગ અને મૃત્યુને કારણ કે પરીણામનો સંબંધ છે જ નહીં. રોગને લીધે મૃત્યુ થાય છે એ વાતમાં કોઈ વજુદ નથી એ વાત પણ સ્વીકારો. રોગથી મૃત્યુ થતું નથી. રોગ એ શરીરનો ધર્મ છે, જ્યારે મૃત્યુ એ નિયમ છે. આપણે રોગોનું ભયાનક ચિત્રણ ઉભું કર્યું છે. હૃદયરોગ, હાઈપરટેન્શન, કેન્સર, ડાયાબીટીસ જેવા કહેવાતા જીવલેણ રોગો મુળે ઉમર સહજ રોગો છે. જેમ ઉમર સહજ શારીરીક ફેરફારો તમને મારી નાખતા નથી, તેમ જ કહેવાતા જીવલેણ રોગો પણ તમને મારી શકતા નથી.

મોટામાં મોટી વાત એ કે ડોક્ટરો જેને "કીલર ડીસીઝ" કહે છે, એ મૃત્યુ માટે ખાસ કારણભુત હોતા જ નથી. અમેરીકામાં કેન્સર વીષે થયેલ એક સર્વેના તારણમાં સ્પષ્ટ લખ્યું હતું, "કેન્સર મારતું નથી. સમય મારે છે."

હું પોતે હૃદયરોગ પર છેલ્લા ત્રીસ વર્ષથી અભ્યાસ કરી રહ્યો છું અને એવા નિષ્કર્ષ પર આવ્યો છું કે હૃદયરોગ જીવલેણ બને છે. એન્જીયોપ્લાસ્ટી કે બાયપાસ સર્જરી કરાવી હોય એ દર્દી લાંબું જીવે એવા કોઈ પુરાવા નથી. હૃદયરોગીએ ઘી બંધ કરવાની જરુર નથી.

રોગને પોતાનો મિત્ર ગણી હસતા મોઢે વધાવી લેવો. મૃત્યુની ફીકરમાં જીવવા કરતાં પ્રસન્ન રહી મોતની રાહ જોવી. મૃત્યુ એ તો ઈશ્વરનું વરદાન છે. રોગ સાથે ઝઘડો કરવો એ અનુચીત છે. દસમાંથી માત્ર એક રોગમાં ડોક્ટર કામ આવે છે.

આજે ડોક્ટર એલોપથી ઉપરાંત બીજી અનેક જુદી જુદી પદ્ધતિઓ અજમાવતા જોવા મળે છે. શા માટે? કેમ કે એમાંથી કોઈ પણ પધ્ધતી સચોટ નથી. બીજું એ કે કેન્સર જેવી બીમારી થાય, ત્યારે લોકો અપરાધભાવ અનુભવે છે. દર્દીને એમ થાય છે કે મેં ખાવાપીવામાં સરખું ધ્યાન ન આપ્યું એટલે આ બીમારી પેસી ગઈ. પણ હકીકત જુદી છે. જગતમાં દર પાંચ વ્યક્તીએ એકને કેન્સર થાય છે. કેન્સર રોગ છે એ ભ્રમણા છે. અને તેની સારવાર છે તે બીજી ભ્રમણા છે. જેટલા સમયજન્ય રોગો છે, એ શરીરનો સ્વભાવ છે, રોગ નથી.

એટલે જેને રોગ ન હોય તેણે મુછ ઊંચી ન કરવી અને જેને હોય તેણે હતાશ ન થવું. જીવલેણમાં જીવલેણ રોગમાં પણ લાંબું જીવી શકાય છે અને અત્યંત તંદુરસ્ત શરીર સાથે પણ ગમે ત્યારે મૃત્યુ પામી શકાય છે. ડોક્ટરોએ મૃત્યુને રોગ સાથે જોડી દીધું છે એટલે કદાચ આ વાત માનવામાં નહીં આવે, પણ અમેરીકામાં દર પાંચમી નાદારી મેડીકલ બીલના કારણે નોંધાયેલ છે.

એટલે રોગ આપણને પજવે નહીં ત્યાં સુધી તેને છંછેડવા નહીં. ચેક-અપ ક્લીનીકથી ચેતવું સારું. સ્વસ્થ વ્યક્તી દવાખાનામાં પ્રવેશે છે અને દર્દી બનીને બહાર આવે છે. મેડીકલ ચેકઅપ કરાવવા ગયા હોય અને રીપોર્ટમાં કેન્સર આવે તો ઊંચા-નીચા ન થવું. કેન્સર સાથે આનંદથી જીવવું.

મહાન રશીયન એલેકઝાન્ડર સોલ્ઝેનીત્સીનને ૧૯૯૫માં કેન્સર થયેલું. ત્યારે એ જેલમાં હતા. જેલવાસ દરમ્યાન એક કોરીયન સર્જને કહેલું કે - તમારી બીમારી અસાધ્ય છે. ઓપરેશન પણ શક્ય નથી. એટલે તમે ત્રણેક મહીનાથી વધારે જીવી નહીં શકો. પણ પછી આ ભાઈએ કલમ ઉપાડી. લખવાનું શરુ કર્યું અને નોબેલ પ્રાઈઝ મેળવ્યું. માનશો? આ કેન્સરનો દર્દી જીવીત રહ્યો અને પેલો કોરીયન સર્જન ગુજરી ગયો!

શરીરને ઓળખો તો રોગનો ભય નાબુદ થાય. આપણા શરીરમાં થતી એક પણ પ્રક્રિયામાં મને ઈશ્વરનો અભાવ જણાયો નથી. આ શરીર જેવું અદ્ભુત જગતમાં કશું જ નથી. કદરુપામાં કદરુપી વ્યક્તીના શરીરમાં જેટલી ભવ્યતા છે, એટલી મંદિરમાં પણ નથી. એટલે રોગથી થાકી-હારીને કે કંટાળીને જવાને બદલે ચીત્ત પ્રસન્ન રાખીને મોજથી જીવ્યા કરવું.

ચમત્કાર જોવાની ઇચ્છા થાય તો રોજ સવારે ઊઠી દર્પણમાં જોઈ લેવું. દરરોજ સવારે આપણે ઉઠીએ છીએ એનાથી મોટો કોઈ જ ચમત્કાર નથી. દરરોજ સવારે ઉઠી સુર્યનાં કિરણ પામો. સુંદર મજાનું ફુલ સુંઘો. લીલાં પાન જોઈ હરખાવ. હવાની લહેરખી આવે તો એને હૃદયમાં ભરી લો. અરે, રોજ સવારે મળતા નવા શ્વાસથી ઉંચી કોઈ સોગાદ નથી.

બીમારીને પકડીને ઉદાસ થઈ બેસી રહેવા કરતાં મોઢું મલકતું રાખો. કૃષ્ણ ભગવાને પણ કહ્યું છે તે : "સ મે પ્રિય" જે પ્રસન્ન છે, તે જ મને પ્રિય છે! (સંકલિત)

***("સર્વાંગી, સ્વાશ્રયી સ્વાસ્થ્ય"માંથી સાભાર)***

।। શ્રી મહાવીરસ્વામીને નમઃ ।। ।। શ્રી સુવિધિનાથાય નમઃ ।। ।। શ્રી આદીનાથાય નમઃ ।।

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

(ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. A 1106 (કચ્છ) તા.૨૮-૯-૬૬)

**હેડ ઑફીસ:** શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, અબડાસા (કચ્છ)-370640. ફોન:(02831)287224

## વાર્ષિક સામાન્ય સભા

તા.૩૦-૧૧-૧૨

પ્રતિ,
જખૌ મહાજનના સભ્યો જોગ,

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા રવિવાર **તા.૩૦-૧૨-૨૦૧૨** બપોરના ૩.૦ કલાકે, શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ (ભાંડુપ) ખાતે બોલાવવામાં આવેલ છે.

**એજન્ડા**

૧. ગત મીટીંગની મીનીટસ્નું વાંચન અને બહાલી.
૨. મહાજનશ્રી તથા ટ્રસ્ટબોર્ડના વર્ષ ૨૦૧૧-૧૨ અન્વેષીત હીસાબો અને અહેવાલની રજુઆત અને બહાલી.
૩. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ ઓડીટર્સની નિમણુંક કરવા અને તેમનું મહેનતાણું નક્કી કરવા બાબત.
૪. અગાઉ મીટીંગોમાં નક્કી થયા પ્રમાણે અતિથીગૃહ/ભોજનશાળાના નુતનીકરણ અને રીપેરીંગ બાબત ચર્ચા વિચારણા.
૫. મહાજનશ્રીના બંધારણમાં સુધારા-વધારા કરવા સમિતિની નિમણુંક કરવા બાબત.
૬. મહાજનશ્રી તથા ટ્રસ્ટની સ્થાવર તેમજ જંગમ મીલકતોની જાળવણી બાબત ચર્ચા વિચારણા
૭. પ્રમુખશ્રીની મંજૂરીથી જે કોઈ વિષય રજુ થાય તે બાબત ચર્ચા વિચારણા.

**નોંધ** : કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ એજ સ્થળે મળશે જે માટે કોરમની જરૂર રહેશે નહીં તથા એજન્ડા મુજબ કાર્યવાહી આગળ વધારાશે જેનો નિર્ણય સર્વે સભ્યોને માન્ય રહેશે.

લી.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન**

**હરીશ ખેતશી શીયાડ ● કેશરસીંહ આણંદજી ખોના**

(માનદ્ મંત્રીઓ)



# શ્રી મહેન્દ્ર કરમશી વિક્રમશી

**(૩૦-૧૧-૧૯૪૩ - અનંતકાળ અમારી સ્મૃતિમાં)**

પ્રેમાળ પિતા, સફળ ઉદ્યોગપતિ, શ્રેષ્ઠ સંગીતકાર નો સમન્વય જેમના નામે અંકિત છે. વડોદરામાં સર્વ પ્રથમ ''લેમીનેશન યુનીટ'' નું પાયો નાખવાનું બહુમાન. સન ૧૯૬૩ થી વડોદરા ખાતે પ્રિન્ટીંગ એન્ડ પેકેજીંગ યુનીટને સફળતાપૂર્વક હંકારી નવી ઉંચાઈઓ સર કરી.

શાસ્ત્રીય સંગીત વિશ્વમાં તો તેમની ભુમિકા અદ્વિતીય તેમજ અતુલ્ય છે. આગ્રા ઘરાનાના ઉસ્તાદ અઝમત હુસૈન ખાન અને પતિયાલા ઘરાનાની પં. તુલસીદાસજી શર્મા (જેઓ સ્વયં ઉસ્તાદ બડે ગુલામ અલી ખાન ના શિષ્ય હતા) તેઓની પાસેથી તાલીમ મેળવી બન્ને ઘરાનાની સુમધુર ગાયકીના પારંગત થયા. આકાશવાણી, દુરદર્શન, પ્રસાર ભારતી તેમજ ગુજરાત સંગીત નાટ્ય અકાદમીના આ નામાંકિત કલાકાર ને સુર શૃંગાર સમસદ-મુંબઈ એ ''સુરમણી પુરસ્કારથી'' નવાજ્યા છે. સંપૂર્ણ ભારતમાં કાર્યક્રમો આપી ચૂકેલા આ કલાકાર શાસ્ત્રીય સંગીતની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં મુખ્ય નિર્ણાયક તરીકે સેવા આપી ચૂક્યા છે.

ઉદ્યોગ અને કલાનું આવું સુંદર મિશ્રણ ધરાવતા અમારા પિતાશ્રીને આજે તેમના જન્મ દિવસે અમારી ભાવભીની હૃદયાંજલી.

**લી.**

**પુત્ર : શ્રી જયકુમાર મહેન્દ્ર વિક્રમશી (વડોદરા) પુત્રીઓ : શ્રીમતી હિરલ જીગ્નેશ મૈશેરી (અમદાવાદ)**
**શ્રીમતી ડિમ્પલ મૂળરાજ છેડા (મુંબઈ), શ્રીમતી સ્નેહલ ધર્મેશ નાગડા (મુંબઈ)**
**દોહિત્રા : યશ, મોહનીશ, ચૈત્ય**

## દેશાવળની જ્ઞાતિદાઝ માટે ઝુકી તો જ્વાય ને... !

અમે મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે કેરાલા દર્શન કોચીન અલપઈ. આદી સ્થાને યાત્રામાં ગયા હતા.. કોચીનમાં મારા ધર્મપત્ની કલાબેન પડી ગયા તેમને ગંભીર ચોટ પહોંચી. સહપ્રવાસીઓને પણ એ બાબતનો આઘાત લાગ્યો!

કોચીનમાં જ્ઞાતિબંધુઓના રહેઠાણ હોઈ દૂરદૂરથી પણ સહાયતા મળશે એવો વિશ્વાસ હતો જ.

કોચીન મહાજનશ્રીને ખબર મળતાં જ તેઓ પહોંચી આવ્યા.. એમને અરનાકુલમ મેડીકલ સેન્ટરમાં દાખલ કરવા નિર્ણય લેવાયો અને પ્રાથમિક સારવાર શરૂ થઈ. અમે એમની સારવારમાં રોકાયા.. સૌએ તેમની કાળજી રાખી પુછા કરી.. સૌ પ્રથમ સૌ.. ફાલ્ગુની પરેશ ખોના (નલીયા)ને ત્યાંના મુખ્ય ડો.. રઘુ સાથે ઓળખાણ હોઈ તેમની ભલામણે ત્યાં કોઈ કેસ પેપર કે એડવાન્સ ડીપોઝીટ વગર પહોંચતાની સાથે જ સારવાર શરૂ થઈ. પછી હોસ્પીટલથી ૨૪ કીલો મીટર દૂર રહેતાં પણ ઉછળતા ઉભરતા ભાવ સાથે સાંયરાના શ્રી ભુપેન્દ્ર જવેરચંદ મૈશેરી, તેમના ધર્મપત્ની છાયાબેન ચિ. મેહુલ અને ચિ. વિશાખાએ સૌની અનન્ય જ્ઞાતિદાઝ નસેનસમાં બીજામાટે ઉપયોગી થવાની ભાવનાથી સતત ચાર દિવસમાં, ૨૪ કી.મી.. દૂરના, ૧૩ ચક્કર સાથે ત્રણેય ટાઈમ દર્દીસાથે ૩-૩ જણ માટે ઘરેથી જાતે બનાવીને સંપુર્ણ જમણની વ્યવસ્થા કરી.. મોઢા ઉપર કંટાળાના કોઈ ભાવ નહીં. થકાવટનો કોઈ અહેસાસ નહીં, કંઈ કર્યાનો ડંભ નહીં, અમે જાણે એ પરિવારના જ પોતીકા સભ્ય હોઈએ તેમ ડોક્ટર, નર્સ, કામગાર વગેરે સાથે અજાણ મુલકમાં, અજાણ ભાષામાં ખરેખર દુભાષીયા થઈ મદદરૂપ સેતુ થયા.. ખરેખર જ્ઞાતિપ્રેમ.. અહોભાવે આશ્ચર્યની વાત એ હતી કે દેશાવરના હેતાળ જ્ઞાતિજનો માટે મોંભઈ જો મોભી માજન ભેગાહી ભા માડુ મેંમાણ થઈને આયા અંઈ!! એવી અણમોલ ઉદાર ભાવના.. આવેલ સંઘ સાથે હળવા-મળવા, હરવા-ફરવા, જમવા એ વાત પ્રાધાન્ય હતી છતાં એ વાત જતી કરી એક પીડા સહન કરતાં દર્દી સાથે સતત ખડેપગે ઉભા રહી, સરભરામાં જ રચ્યા પચ્યા રહેતા.. અને હવે... અમારા પ્રસ્થાનની ઘડી આવી, ત્યારે અમે એમને પ્લેનની ટીકીટોના રૂ.૨૫૦૦૦ આપવા પાકીટ ખોલી, ત્યાંજ કહે, દિનેશ ભા, રહેવા દો, અત્યારે આપ ઈમરજન્સીમાં છો.. પૈસા હાથમાં હોય તો ક્યાં કામ લાગશે. પૈસા ક્યાં ભાગી જાય છે? મુંબઈ આવશું ત્યારે વાત, બોલો, કેટલી પરોપકારની ભાવના! અમારા ભારે દબાણે એમણે સંકોચાતા મને એ રકમ સ્વીકારી.. આ ભાવના અનુભવી અમારા આંખો ભરાઈ આવી.. બપોરના પરિવાર સાથે અમને પ્લેનમાં ચડાવવા વિમાન મથકે આવેલા.. આવી દશામાં વિમાનમાં જવા ન મળે આવી વાતથી વાકેફ હોઈ સંઘના પ્રમુખ શ્રી કિશોરભાઈ કુરવા અને માનદમંત્રી ભરત ખોનાએ સત્તાવાળા પાસેથી મુસાફરી કરવામાં વાંધો નથી., તેવી જરૂરી સર્ટીફીકેટ પણ અપાવી.. જ્ઞાતિપ્રેમની આવી અનુમોદનીય કાર્યવાહીએ અમને ઋણી કર્યા.. આ ઉપરાંત ત્યાં ઘણાં જ્ઞાતિબંધુઓએ પણ સતત પુચ્છા કરી અને કંઈ કામ હોય તો નિસંકોચ જણાવવાની ભાવના દર્શાવી..

દેશાવરમાં, કોચીનવાસીઓની આવી નિષ્ઠાવંત ભાવના, જ્ઞાતિપ્રેમ એ દિવાળીના ઝબુકતા માનવતાના દિવડા જેવા જ્ઞાતિબંધુઓની માનવસેવા અને જ્ઞાતિભાવનાએ ઝુકી તો જવાય ને.

દેશાવળની એ પ્રેમ ભાવના માટે અને જ્ઞાતિસેવા માટે ફરજ સમજી કામ પાર પાડેલ એ માટે ગૌરવ તો જરૂર થાય.

- ***દિનેશ રામજી લોડાયા*** (મુલુન્ડ)

## કાવ્ય-પ્રકાશ : ફૂલઝરીયું

તારા હોંય તાં તેંકે ગેરોણ નડે નતો.,<br>
ફોલેંકે બાગ મેલેતો., રણ મેલે નતો.,<br>
હી હેકડો સોખ આપ કુધરત જે ન્યાયમેં,<br>
ગજે ઉપરાંતજો દુખ કેડાં મેલે નતો...(૧)<br>
સુખ-દુ:ખજી ચિંધા ન ક્યો,<br>
ઈ ત અચીંધાને વેંધા,<br>
ફોલ હમેશાં કંઢેમેં ઓગેંતા ને,<br>
પથારીમેં કરમાઈયેંતા ... (૨)<br>
સેકંડ કાંટો ચોવી કલાક ટકટક કરેતો<br>
પણ પાંજો કેની ધ્યાન નતો વેને<br>
કલાક કાંટો ઘર કલાકેં ટકોરો કરે તો,<br>
પાંજો ધ્યાન ઉનતેં ભરાભર વેનેતો,<br>
એટલે ટક ટક કરે એનજી કિંમત નાંય<br>
ટકોર કરે ઉનજી જ કિંમત આય... (૩)<br>
પાંજા વડીલ પાંકે ચેઇ વેયા અંઇ કે<br>
'પછેડી' હોય ઇતરી જ 'સોડ' રખાણી<br>
પણ અજજે અંગ્રેજી માધ્યમવારે છોકરેં કે<br>
"પછેડી" ને "સોડ" બોંયજો અર્થ ખબર નાંય.. (૪)<br>
અતિ લાગણી ને અતિ માગણી,<br>
પાંજી ઇચ્છા જો અંત નાંય<br>
ચક્કર ફેરે તો હી સનાતન કાળથી<br>
જિંદગીમેં કાયમ કેની વસંત નાંય... (૫)

- ***શાહ મધુકાંત વિશનજી*** (ઘાટકોપર)




## મૃત્યુ બાદનાં વ્યવહારોમાં સુધારાની જરૂરત

શ્રી ચંદ્રસેન મોમાયાનો પ્ર.સ.ના અંક તા.૧૫ થી ૨૧ સપ્ટેમ્બર ૧૨ અને એ સંદર્ભમાં સૌ. પુનમ પ્રફુલ મોમાયાનો તા.૩ થી ૯ નવેમ્બર'૧૨નાં અંકમાં 'મૃત્યુ બાદનાં વ્યવહારો' વિષે લેખ વાંચ્યો.

ખરેખર આપણે જન્મ, સગાઈ અને બીમારીનાં પ્રસંગો વખતે જેમ ટેલીફોન દ્વારા વધાઈ કે આશ્વાસન આપીએ છીએ અને લગભગ આવન જાવન ઓછી કરી નાખીએ છીએ. તો આવીજ રીતે મૃત્યુ વખતે સમાચાર મળતાંજ આપણે બહારગામ ટેલીફોન ઉપર શોક પ્રદર્શીત તો કરીએ જ છીએ અને આપણે દીલાસો આપીએ. પછી લોકલાજને ધ્યાનમાં લઈને બીજા-ત્રીજા દીવસે રાખેલ. પ્રાર્થનામાં વ્યવહાર બતાવવા જઈને ખરેખર તો આપણે એ કુટુંબને રાહતરૂપ થવાને બદલે આપણે તેમને તકલીફમાંજ નાખીએ છીએ. એમ છતાં પણ જવું જ હોય તો બહારગામમાં આપણી દરેક વ્યવસ્થા આપણે કરીને ફક્ત પ્રાર્થનામાં કે ઘરે જઈને એકાદ કલાક રોકાઈને, નમ્રતાપૂર્વક જમવા કે રોકાવા માટે ના પાડી દેવી એજ યોગ્ય ગણાશે. આવીજ વિગત અંક નં.૨૩ તા.૨૩-૧૨-૨૦૦૬માં મેં જણાવેલ.

૧) સાંત્વનાં ટેલીફોન ઉપરજ વ્યક્ત કરવી. ૨) પ્રાર્થના સાદડી બંધ રાખવા આપણાં સંબંધીને જણાવવું. ૩) આપણે બહારગામમાં વસતા સ્નેહીઓ, સંબંધીઓને ખરખરો કરવા નહિ આવવા વિનંતી કરવી. આપની લાગણી કાયમ અમારી સાથેજ છે. એમ ભારપૂર્વક જણાવવું. ૪) આપણી હયાતીમાંજ આપણાં નજીકનાં સંબંધીઓને આ પ્રથા બંધ રાખવા માટે સહકાર આપવાનું જણાવી દઈએ. ૫) સ્થાનીકમાં પણ આપણા સંબંધીઓ અગ્નીદાહ વખતે હાજર રહે છે. ત્યારે જ ફરી લૌકીક વ્યવહાર માટે ઘરે નહિ આવવા વિનંતી કરવી. ૬) આવા સુધારા લાવવા સમાજ દ્વારાજ પ્રસ્તાવના જ્ઞાતિપત્રો દ્વારા સમયાંતરે પ્રગટ કરતા રહેવું. આવી રીતે જૈન ધર્મની અહિંસા પાલનની દષ્ટીએ પણ સહભાગી થઈએ. કદાચ કોઈકને આ વાતો હમણાં નહીં ગમે. આજે તો આપણે સહુ એ જોઈને જઈએ છીએ કે, નહિ જઈએ તો સંબંધીઓ આપણાં બાબતે વાતો કરશે આશા છે કે, આ સુધારા બધાને ગમશે. વધુ સુચન આવકાર્ય છે.

***અમદાવાદ ૨૭-૧૧-૧૨*** ***- નરેન્દ્ર રાઘવજી લોડાયા***

## શ્રી આણંદ પરિવાર તરફથી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી

*ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,*
*અગણીત છે ઊપકાર એમના, એહ કદિ વિસરશો નહિં.*

**૨૫મી પૂણ્યતિથિ**



**પિતાશ્રી શામજી કેશવજી દંડ**
**દેહવિલય તા.૧૩-૧૨-૧૯૯૭**

**(તેરા કચ્છ)**

**પાંચમી પૂણ્યતિથિ**



**માતુશ્રી વિજ્યાબેન શામજી દંડ**
**દેહવિલય તા.૦૩-૧૨-૨૦૦૭**

જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ બક્ષે તેમ આપ બાળપણથી અંત સુધી તનતોડ મહેનત કરી અમોને સુખનો સાગર સોંપતા ગયા. આપનો નિઃસ્વાર્થ સ્વભાવ, નીડરતા, પ્રમાણિકતા અને વ્યવહારિક કોઠાસુઝનો વારસો અમારા માટે હંમેશાં માર્ગદર્શક બની રહેશે. આપના અધુરા સ્વપ્નોને પૂર્ણ કરવા ઈશ્વર અમને શક્તિ આપે અને આપના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ બક્ષે એવી પ્રાર્થના..

**~ શ્રધ્ધાંજલિ સુમન ~**

**સમસ્ત આણંદ પરિવાર**

**નરેન્દ્ર, ચિમન, હરીશ, હિરેન, મધુકાંત તથા મણીબેન અને પુત્રવધુઓ-બાળકો તેમજ સમસ્ત પરિવાર**

## પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### મુંબઈ મહાજનશ્રી દ્વારા વ્યાપાર મેળો

મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે તા.૨૬-૨૭ જાન્યુ'૧૩ ના બે દિવસીય વ્યાપાર મેળો, કલા, નિપુણતા અને વ્યવસાયિક કાબેલીયતને જ્ઞાતિસમક્ષ પ્રસ્તુત કરેલ એક વિશાળ મંચ આપી પ્રોત્સાહિત કરવા અને જ્ઞાતિ એકતા અને જ્ઞાતિદાઝની ભાવનાને વધુ સંગઠિત કરવાના પ્રયાસ રૂપે વિવિધ વ્યાપાર, કલા, વ્યવસાય, ધંધા-ઉદ્યોગ, વિવિધ સેવાઓના સ્ટોલ્સ ઉપરાંત સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, તબીબી, રમતગમત અને આનંદ પ્રમોદના વિશેષ આકર્ષણ સાથે આ કાર્યક્રમને વધુ સજજ કરાશે.

આ અવસરે વસતીપત્રક વેબ સાઇટનું વિમોચન થશે. જ્ઞાતિની વિવિધ સંસ્થાઓના કાર્યકરો પરસ્પર મળીને જ્ઞાતિ પ્રગતિની ચર્ચા કરશે. વિવિધ વર્કશોપમાં જ્ઞાતિજનોને જ્ઞાતિયોજનાઓ માટે માહિતી પ્રદાન, પ્રશ્નોતરી અને માર્ગદર્શન અપાશે. વિવિધ કલા કૌશલ્યના પ્રદર્શન રહેશે. સમસ્ત જ્ઞાતિને આ પ્રસંગે પધારવા જાહેર આમંત્રણ છે. આ વ્યાપારમેળો અનેક રીતે નાવિન્યપુર્ણ, માહિતીપ્રદ અને ઉપયોગી લાભદાયી રહેશે. જ્ઞાતિના ઉગતા વ્યવસાયિકો, યુવાઓ અને બહેનોને પોતાના ધંધા-વ્યવસાયના વિકાસાર્થે વિશાળ ફલક મળશે. આ મેળામાં અનેક આકર્ષણો હશે જે સમાજના દરેક વર્ગને ઉપયોગી બની રહેશે. આ ઉપરાંત મુંબઈ મહાજનની જ્ઞાતિ ઉપયોગી પ્રવૃતિઓ: ગૃહઉદ્યોગ, મેડીકલ, શિક્ષણ, સમુહલગ્ન, સગપણસેતુ, નોકરી-વ્યવસાય વિનિમય કેન્દ્ર (જોબ જંક્શન), મેડીક્લેમ, સામાજિક-સુરક્ષા આદિ માટે ખાસ કાઉન્ટર દ્વારા માર્ગદર્શન-પ્રોત્સાહન અપાશે.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્યનિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત અને પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને ટ્રસ્ટ પોતાના કાર્યો સફળતાપુર્વક કરી રહેલ છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવવાના કાયમિતિથીના સહયોગી દાતાઓ : મણીલાલ હંસરાજ ભઠારા હ. રૂપમભાઈ (ઘાટકોપર), મણીલાલ દામજી ધુલ્લા હ. નયનાબેન અશોક લાપસિયા (મુલુન્ડ), શી. શામજી મુલજી પોલડીયા (પારોલા), નવલબાઈ દામજી ધરમશી (વરલી), ડુંગરશી ધનજી દંડ (હુબલી), રાજેશ શીવજી પોલડિયા (બેંગકોક), પ્રદીપ ઉમરશી મેપાણી હ. ઉમરશીભાઈ (વડાલા), ગોવિંદજી જીવરાજ લોડાયા (સાયન), મિતા હિરાચંદ શાહ હ. રતનબાઈ પોલડીયા (ચાલીસગામ), નવલબાઈ દેવજી પોલડીયા (ચાલીસગામ), તથા દૈનિક નકરા માટે શા. રામજીભાઈ મૈશેરી-એક સદ્‌ગૃહસ્થ (ભાંડુપ), કોકિલાબેન દિનેશચંદ્ર ધરમશી (વડોદરા).

### સાંયરા

અત્રે તા.૧૨-૧૧-૧૨ના સંજય પ્રેમજી સાવલા તરફથી મહાકાળીની ભાવના થઈ. તા.૧૩-૧૧-૧૨ના કિશોર મણીલાલ લોડાયા (ધામણગામ) તરફથી સ્વામીવાત્સલ્ય જમણ હતું.

નવા વર્ષે જિનાલય દ્વારોદ્‌ઘાટન ગંભારા મા. ભચીબાઈ પદમશી લોડાયા હ. જયાબેન, રંગમંડપ મા. ધનબાઈ પ્રેમજી સાવલા, શાતિનાથ દેરી-મા. કસ્તુરીબાઈ મેઘજી લોડાયા, અજિતનાથ દેરી મા. વાલબાઈ દામજી ધ્રોળ હતા.

તા.૧૪-૧૧-૧૨ના મા. ભરીબાઈ પદમશી લોડાયા પરિવાર તરફથી સ્વામીવાત્સલ્ય જમણ હતું. એ દિવસે અંતરજાળમાં જિનાલય નિર્માણાર્થે યોજાયેલ જાપમાં એમના તરફથી રૂા.૨૦ની પ્રભાવના હતી.

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-પુના

સંઘ દ્વારા શરદ પુર્ણિમાની ઉજવણી તા.૪-૧૦-૧૨ થઈ. આ કાર્યક્રમમાં પ્રથમ શ્રી મહાકાળી માની ભાવના હતી. સંગીતકાર શ્રી પ્રફુલભાઈ લોડાયા (પુના) દ્વારા સુમધુર સંગીતના તાલે ભાવના ભણાવવામાં આવી. જેમાં બહોળી સંખ્યામાં


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

જ્ઞાતિજનોએ હાજરી આપી. આ ભાવનાના દાતા શ્રી જયંત દેવજી નાગડા પરિવાર હતા. ભાવનાબાદ ઢોલ અને શરણાઈના તાલે દાંડિયારાસ હતી. ઢોલ રાંધ, મટુકડી, ધમાલ, દાંડિયા રાસની રમતને નાના-મોટા સહુ જ્ઞાતિજનોએ મન મુકીને માણી. આ કાર્યક્રમને અનુરૂપ વિવિધ હરીફાઈઓ પણ હતી. જેમાં વિજેતા બેસ્ટ પ્લેયર (વય ૧૫ વર્ષની નીચે) ચિ. રીયા પ્રશાંત લાલકા, બેસ્ટ પ્લેયર (વય ૧૫ થી ૩૦) શ્રી વૈભવ વિજયકુમાર લોડાયા, સૌ. મયુરી પ્રજ્ઞેશ રતાણી અને ચિ. વિશ્વા મિલન લોડાયા, બેસ્ટ પ્લેયર (વય ૩૧ થી ૬૦) શ્રી કૌશિક મહેન્દ્ર નાગડા અને સૌ. કલ્પના દુષ્યંત લાપસીયા, બેસ્ટ પ્લેયર (વય ૬૦ વર્ષની ઉપર) શ્રી રતિલાલ કુંવરજી ઘરમશી, બેસ્ટ ડ્રેસ ચિ. મૈત્રી જયેશ નાગડા, ચિ. વૈભવ મહેન્દ્ર લોડાયા અને સૌ. સોનલ દિપક લોડાયા રહ્યા. બેસ્ટ જોડી તરીકે શ્રી રાજેન્દ્ર મોમાયા અને શ્રી જ્ઞાનેશ ડાગા રહ્યા. સર્વે વિજેતાઓને સંઘ તરફથી ભેટ આપવામાં આપી હતી. નિર્ણાયક તરીકે સૌ. મિનલબેન પિયુષ દંડ અને શ્રી કિશોર રતાણીએ ફરજ બજાવી હતી. પુના સંઘ તરફથી "શ્રી મુક્તિ ઉત્તમ જ્ઞાન" સચિત્ર પુસ્તક ઘરદીઠ આપવામાં આવેલ. જૈન ધર્મનું પાયાનું જ્ઞાન આપતું આ પુસ્તક પુ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. દ્વારા લખાયેલ છે અને બાળકો માટે ઘણું ઉપયોગી છે. પુનાના ઉગતા કેટરર્સ શ્રી ઉર્વેશ પિયુષ દંડના ડૅન્શન કેટરીંગને ભોજનની વ્યવસ્થા અપાઈ હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ગદગ

મહાજનશ્રી દ્વારા તા.૯-૧૧-૧૨ના એક્યુપ્રેશર ચિકિત્સા-થીયરી અને પ્રેક્ટીકલ સારવાર બાબત એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનું સંચાલન શ્રીમતી સ્મિતાબહેન શાહ તથા એમની સુપુત્રી નમ્રતા (ભાવનગર)એ ખૂબ સુંદર રીતે કર્યું હતું. તેમની સાથે શ્રીમતી વિજયાબહેન દિલીપ નાગડા તથા શ્રીમતી નેહલબેન મોહન કગદાળ મદદરૂપ થયા હતાં. આ શિબિરમાં બહોળી સંખ્યામાં ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. મહાજનશ્રી તરફથી સ્મિતાબેન તથા તેમનાં સહયોગીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ.

## શ્રી છતીશગઢ ક.દ.ઓ. જૈન સંઘ

સંઘની વાર્ષિક સભા અને સ્નેહમિલન તા.૧૮-૧૧-૧૨ રાખવામાં આવેલ. કાર્યક્રમમાં અતિથિવિશેષ રૂપે શ્રી બંકિમ પ્રેમજી શાહ (ધમતરી) અને શ્રી દિનેશ ડુંગરશી મોમાયા (રાયપુર) હતા.

અતિથિવિશેષ સાથે મંચ પર સંઘ પ્રમુખ શ્રી તરૂણ શિવજી લોડાયા ઉપપ્રમુખ શ્રી હરીશ જવેરચંદ લોડાયા, દેરાસર પ્રમુખ શ્રી ઉત્તમ ખીમજી મૈશેરી, યુવાપ્રમુખ શ્રી ભાવિક શાહ, કુંથુનાથ મહિલા મંડળના ઉપપ્રમુખ સૌ. ઉષાબેન મોમાયા, સંઘના કોષાધ્યક્ષ ભરત મૈશેરી અને ઉતર ભારત એકમ પ્રમુખ શ્રી ચંદ્રેશ વી. છેડા ઉપસ્થિત હતા.

અતિથિવિશેષો દ્વારા હારારોપણ અને દ્વીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. શેઠ શ્રી નરશી નાથાની છબીને હારારોપણના લાભાર્થી શ્રી છતી. ક.દ.ઓ. જૈન યુવા મંડળ હતું. મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરાયું.

સંઘના આવકજાવક હિસાબો શ્રી ભરત મૈશેરીએ યુવા મંડળના હિસાબો હિતેશ મોમાયા તથા મહિલા મંડળના હિસાબો સૌ. કલ્પના ચેતક લોડાયાએ રજુ કરેલ.

અતિથિવિશેષ શ્રી બંકિમભાઈ શાહ અને શ્રી દિનેશ મોમાયાએ પ્રાસંગિક ઉદ્બોદન કરી બધાને શુભેચ્છાઓ આપેલ.

શિક્ષણ ફંડના નવા લાભાર્થી (વર્ષ ૨૦૧૧-૧૨) માટે શ્રી સ્વ. ઉત્તમચંદ કરમશી લોડાયા પરિવાર, સ્વ. નવિન કરમશી લોડાયા પરિવાર (મુલુંડ) શ્રી નારાણજી મેઘજી મોતા પરિવાર હસ્તે સૌ. ભાવના નરેન શિયાડ (પૂના) અને સૌ. મિત્તલ ભાવિક શાહ હસ્તે સૌ. હેમલતા શશીકાંત શાહ હતા. બધાનો આભાર માની અભિવાદન કરવામાં આવેલ.

શ્રી ક.દ.ઓ. સામાજીક સુક્ષા યોજના અને મેડિકલ યોજનાની જાણકારી શ્રી ચંદ્રેશ શાહે આપી.

નાના બાળકો દ્વારા સુંદર નૃત્યની પ્રસ્તુતી કરવામાં આવી. જેના માટે સૌ. હેતલ ગીત શાહ એ જહેમત ઉઠાવેલ.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

જ્ઞાતિના શ્રી કરમશીભાઈ પીર (ઘાટકોપર) દ્વારા પ્રતિષ્ઠિત વિચારકોના લેખના અનુવાદનનું સંચય 'બહુવચન' વિષે જાણીને આનંદ અને ગૌરવની લાગણી થઈ. આવા છુપાયેલા જ્ઞાતિરત્નો માટે ગર્વ થાય છે. શ્રી કરમશીભાઈને હાર્દિક અભિનંદન.
- "તન-મન" પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨માં ૬૦% થી ઉપર ઉત્તીર્ણ થયેલ બાળકોને પ્રોત્સાહન પુરસ્કાર અને પ્રમાણપત્ર દ્વારા નવાજવામાં આવેલ.

સંઘમાં ગત વર્ષમાં થયેલ સદસ્યોની ખોટ બદલ સૌ. હંસાબેન ખીમજી મોતા (ભાટાપારા), સૌ. હંસાબેન હીરાચંદ મૈશેરી, શ્રી લલિત હિરજી શાહ અને શ્રી ઉત્તમચંદ કરમશી લોડાયાને શ્રધ્ધાંજલી આપવામાં આવેલ.

આભારદર્શન મા. મંત્રી શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ કરેલ અને સૂત્ર સંચાલન કુ. નિધ હરીશ લોડાયાએ કરેલ. બધાને જમણ માટે આમંત્રણ આપવામાં આવેલ. સારી સંખ્યામાં સદસ્ય પરિવારો ઉપસ્થિત હતા.

### વર્ધમાનનગરે વિવિધ પૂજનો યોજાયા

વર્ધમાનનગર ભુજમાં તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા-૮ની નિશ્રામાં સુંદર ચાતુર્માસ આરાધનાં થઈ.

શ્રી વર્ધમાનનગર જૈન મિત્ર મંડળ દ્વારા માતુશ્રી ચંદનબેન સોમચંદ મોમયા, માતુશ્રી રંજનબેન હસમુખલાલ શાહ, શ્રી કિર્તીકુમાર શાંતિલાલ મહેતા તથા માતુશ્રી ચંચળબેન મોહનલાલ શાહ પરિવારોનાં સહયોગથી ૧૦૮ પરિવારોનાં સથવારે શ્રી મહાલક્ષ્મી દેવી સહ શ્રી યંત્રપૂજન, મહાકાલીદેવી પૂજન, કામાક્ષીદેવી પૂજન, ભૈરવ વીર પૂજન તથા ઘંટાકર્ણવીર દેવ પૂજન યોજાયા હતા. શાસ્ત્રોક્ત વિધિ સાથે યોજાયેલા આ પૂજનોમાં ભાવકિોની ભારે ભીડ જામી હતી. વિધિયોગ પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા.એ કરાવેલ. જ્યારે નીશા શાહ એન્ડ પાર્ટીએ સંગીતની ભારે રમઝટ બોલાવેલ. આરતી શાંતિકળશ તથા અન્ય ચડાવાનો લાભ ભાગ્યશાળી પરિવારોએ લીધો હતો.

### કુ. દિશા જયચંદ લોડાયા દીક્ષા અંગીકાર કરશે.

કુ. દીશા જયચંદ લોડાયા (કોઠારા-મુંબઈ) ઉ.વ.૧૬ દીક્ષા અંગીકાર કરશે. તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, શ્રી ગુણોદયસાગરસૂરીશ્વજી મ.સા. પાસે દીક્ષા પ્રદાન મુહુર્ત માટે વર્ધમાનનગર દિશાબેનનું શ્રી ભુજ અચલગચ્છ જૈન સંઘ, વર્ધમાનનગર જૈન સંઘ તથા ચાતુર્માસ સમિતિ દ્વારા શ્રીમતિ જયાબેન મુનવર, જ્યોતિબેન વિકમશી તથા ડીમ્પલ ધરમશીએ બહુમાન કરી સંયમ પંથની શુભેચ્છાઓ આપતા હતી. પૂજ્ય ગુરૂદેવશ્રીએ દીક્ષા પ્રદાનનો મુર્હુત આતાં મુમુક્ષુએ મુર્હુતનો સ્વીકાર કરી ખુશી વ્યક્ત કરી ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકાઓને સંયમ માર્ગ એજ સાચો માર્ગ હોવાનું જણાવ્યું હતું. વ્યવસ્થામાં દિપક લાલન, હેમંત વિકમશી, પ્રબોધ મુનવર, બીપીન ગાલા તથા મહેન્દ્રભાઈ શાહે સહકાર આપ્યો હતો.

### વર્ધમાનનગરમાં પૂ.અચલગચ્છાધિપતિશ્રીના પગલાં

વર્ધમાનનગરમાં તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા.આ.ઠા. ૮ એ વર્ધમાનનગરનાં ૫૦૦ ભાવિકોનાં ઘેર જઈ પગલાં કર્યા હતા અને માંગલિક શ્રવણ કરાવ્યું હતું. આ કાર્યક્રમ પાંચ દિવસ ચાલેલ.

ગુરૂભક્તો વિશાળ સંખ્યામાં એકઠા થઈ વાજતે-ગાજતે પૂજ્યશ્રીને પોતાનાં ઘેર લઈ જઈ પાવન પગલાં કરાવ્યા હતા. સૌને ખુશીની લહેર જોવા મળી હતી. અને ગુરૂભગવંત ઘેર પધાર્યા અંગે આનંદ વ્યક્ત કર્યો હતો.

### શત્રુંજય મહાતીર્થે પૌષધ સેન્ચ્યુરી

અચલગચ્છ પ્રવર્તક દાદા આર્યરક્ષિતસૂરિ મ.સા.ની નવમ શતાબ્દી, શાસનસમ્રાટ, કચ્છ કેસરી અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા.ની જન્મ શતાબ્દી સર્વત્ર ઉજવાઈ રહી છે. ત્યારે શત્રુંજયતીર્થે પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની સાધ્વી મુખ્યા પૂ. હરખશ્રીજી મ.સા.ની ૧૦૩મા એવં પૂ.સા. રતનશ્રીજી મ.સા. ની ૧૦૫મા જન્મ વર્ષ પ્રસંગે પૂ. ચંદ્રોદયશ્રીજી મ.સા. તથા પૂ. જિનગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી તારક નિશ્રામાં બબલીબાઈ મુલજી ગોસર (હુબલી), દમયંતીબાઈ કુંવરજી ઘ્રોળ (કાંજુરમાર્ગ), જયાબાઈ દામજી લાલકા (કાંદિવલી) એ ચારિત્રધર્મની આરાધના સ્વરૂપ શતાધિક પૌષધની ઉલ્લાસભાવથી સાધના કરી છે. આ સુંદર આરાધનાની હાર્દિક અનુમોદના.

### જલગામમાં મહાવીરસ્વામી નિર્વાણ કલ્યાણકની ઉજવણી

જલગામમાં નિર્વાણ કલ્યાણકની શાનદાર ઉજવણી થઈ. પ્રભુશ્રીના નિર્વાણ કલ્યાણ નિમિત્તે પાવાપુરીની ભાવયાત્રા રાખવામાં આવેલ. સુંદર જલમંદિર અને


**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

સમવસરણની રચના કરવામાં આવેલ. નિર્વાણ કલ્યાણકના દેવવંદન કરવામાં આવેલ. નિર્વાણ કલ્યાણકનો સવા અગિયાર કિલોનો બુંદિનો લાડવો ચઢાવવામાં આવેલ. તથા નિર્વાણ કલ્યાણની ૭૨ દીવાની આરતી ઉતારવામાં આવેલ. રાત્રી જાગરણ અને જાપમાં સારી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

### જલગામમાં નૂતન વર્ષનું માંગલિક

કાર્તિક સુદ એકમની મંગલ પ્રભાતે અનંત લબ્ધિ ભંડાર શ્રી ગૌતમસ્વામિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયેલ એ નિમિત્ત માંગલિકનું આયોજન કરવામાં આવેલ. શ્રી ઋષિમંડલ સ્તોત્ર તથા ગૌતમસ્વામિના રાસનું શ્રવણ શ્રી સંઘે ગુરૂ મુખેથી સાંભળેલ. જિનાલયના દ્વારોદ્ઘાટન બાદ માંગલિક તથા ગૌતમસ્વામિનું ગુરુપુજન થયેલ. માતુશ્રી ઇન્દુબાઈ વીરચંદ નાગડા (નલિયા-હુબલી), માતુશ્રી રતનબાઈ ચત્રભુજ માયા (નાગ્રેચા-જલગામ) પરિવારો તરફથી પ્રભાવના થઈ. ત્રણસોથી અધિક ભાવિકોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

### જલગામમાં છઠ્ઠ તથા ખીરના એકાસણાં

મહાવીરસ્વામિના નિર્વાણ કલ્યાણકે દિવાળીની છઠ્ઠ કરાવવામાં આવેલ. કારતિક સુદ એકમના ખીરના એકાસણા રાખવામાં આવેલ. પચાસથી અધિક ભાવિકોએ અનુમોદનીય તપ આરાધના કરી. ખીરના એકાસણાનો લાભ માતુશ્રી રતનબાઈ ચત્રભુજ માંયા હસ્તે હેમંતભાઈ (નાગ્રેચા-જલગામ) એ લીધેલ. ખીરના એકાસણા કરી સહુએ ધન્યતા અનુભવી. જ્ઞાનપાંચમની આરાધનામાં પણ બધાએ ભાગ લઈને જ્ઞાન સમક્ષ એકાવન ખમાસણાં આપેલ. નાના બાળકોએ પણ ભાગ લીધેલ.

### જલગામમાં સમુહ સામાયિક સાધના

તા.૨૪-૧૧ના બપોરના ૩થી ૪માં સમુહ સામાયિકની આરાધના થયેલ. માતુશ્રી રતનબાઈ ચત્રભુજ માંયા (નાગ્રેચા-જલગામ)ની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે આ લાભ શ્રી હેમંતભાઈના પરિવારે લીધેલ. બસો જેટલા શ્રાવક-શ્રાવિકાઓએ સમુહ સામાયિકનો લાભ લીધો. સામાયિકમાં લોગસ્સનો જાપ સુંદર પુષ્પમય હ્રીંકાર સમક્ષ કરવામાં આવેલ. જાપ પછી સાધર્મિક ભક્તિ એજ પરિવાર તરફથી રાખવામાં આવેલ. ઉલ્લાસ ભાવથી સામાયિક-જાપની આરાધના થઈ.

### શ્રી છતીશગઢ કચ્છી જૈન સંઘ

સંઘના ઉપક્રમે તા.૧-૧૧-૧૨ના પૂ.સા.શ્રી પ્રિયંકરાશ્રીજી મ.સા.આ.ઠા.૪ સવારના ૯ વાગે કુંથુનાથ જિનાલયે પધાર્યા હતા. દર્શન પછી એમણે સુંદર વ્યાખ્યાન આપેલ. સંઘવતી ચાતુર્માસ સમિતિના પ્રમુખ શ્રી મહેન્દ્ર કોચરનું શૉલ શ્રીફળથી બહુમાન કરવામાં આવેલ.

માતુશ્રી નિર્મલાબેન વિરચંદ છેડા પરિવાર દ્વારા પ્રભાવના કરવામાં આવી હતી.

કાર્યક્રમ સુત્ર સંચાલન શ્રી ચંદ્રેશ વી. ચેડા, આભાર વિધિ શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરીએ કરેલ. મોટી સંખ્યામાં ધર્મપ્રેમીઓ હાજર હતા.

### રાયપુરમાં શરદ પૂનમ ઉત્સવ

તા.૪-૧૧-૧૨ના કુંથુનાથ જૈન દેરાસર પરિસરમાં શરદ પૂનમ ઉત્સવ સાથે શ્રી છતી. ક.દ.ઓ. જૈન યુવા મંડળના ૨૩ વરસ સફળતાપૂર્વક પૂર્ણ થયા એ નિમિતે કાર્યક્રમ રાખેલ. કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી ભવાનજી હીરજી શાહ અને શ્રીમતિ હીરાબેન ભવાનજી શાહ હતા. મંચ પર સાથે જ્ઞાતિ સંઘ-પ્રમુખ શ્રી તરૂણભાઈ શાહ અને કચ્છ જૈન સંઘ પ્રમુખ શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી ઉપસ્થિત હતા. મંચપર ઉપસ્થિત અતિથિઓ દ્વારા શ્રી કુંથુનાથ, મહાકાળી માતાની છબી પર હારારોપણ અને દ્વીપ પ્રાગટ્ય બાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. નાના બાળકો અને યુવા સાથીઓએ ગ્રુપ નૃત્ય, ગણેશ વંદના, સરસ્વતી વંદના, નવકાર મંત્રની પ્રસ્તુતીઓ સુંદર નૃત્ય, સાંસ્કૃતિક કાર્યક્રમ આપેલ. એની કોરિયોગ્રાફી સૌ. હેતલ ગીત શાહ અને સૌ. સુનયના અમિત શાહે કરેલ.

મુખ્ય અતિથિ શ્રી ભવાનજીભાઈ અને સૌ. હીરાબેનનું સ્વાગત શ્રીફળ, માળા અને ખેસથી કરવામાં આવેલ. મંચ પર બિરાજીત બધા પદાધિકારીઓનું સ્વાગત કરવામાં આવેલ. ૨૨ વર્ષથી યુવા સંસ્થામાં નિસ્વાર્થભાવે સેવા આપનાર શ્રી યોગેશ ગોવિંદજી મોમાયાનું શ્રીફળ, માળા, મોમેન્ટો અને પાઘડીથી કરવામાં આવ્યું. સૌએ પ્રાસંગિક ઉદ્બોધન કરી યુવામંડળને આશિષ આપેલ.

શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ મંડળના ૨૨ વર્ષના ઈતિહાસની વિસ્તૃત જાણકારી આપેલ. યુવામંડળ દ્વારા યોજનારા આષાઢી બીજ અને શરદ પૂનમ કાર્યક્રમોના ઈનામોના લાભાર્થી (કાયમી) માતુશ્રી મુરબાઈ જવેરચંદ લોડાયા (સાંયરા-રાયપુર) અને સૌ. કસ્તુરીબેન તિલકચંદ મોમાયા (નલિયા-રાયપુર) ના નામની જાહેરાત થઈ અને દાતાઓના સન્માન કરવામાં આવેલ. વિવિધ હરિફાઈઓ રાખવામાં આવી અને વિજેતાઓને ઇનામો અતિથિઓના હસ્તે આપવામાં આવેલ.

અંતમાં D.J. સાથે ડાંડિયા રાખવામાં આવેલ. કાર્યક્રમનું સૂત્ર સંચાલન કુ. નિધિ હરીશ લોડાયાએ સુંદર રીતે કરેલ. આભારવિધિ નયન સતિશ છેડાએ કરેલ. કાર્યક્રમના અંતે જમણવાર હતું. છતીસગઢ ક્ષેત્રમાં બે નવા પરિવારો શ્રી મહેન્દ્ર માણેકજી લોડાયા (કોચીન-રાયપુર)માં યુનિયન બેંક

ઈન્ડિયાંમાં ચીફ મેનેજર તરીકે અને શ્રી અલ્પેશ અશોક સોની (જખૌ-પરભાણી) દુર્ગમાં આવેલ છે. તેમનું અભિનંદન આપી સ્વાગત કરાયેલ. સૌ. પૂજા મોમાયા, સૌ. શ્વેતા લોડાયા, સૌ. સુનયના શાહ, સૌ. હેતલ શાહ અને સૌ. તૃમી શાહ, સૌ.. કોમલ નાગડાએ કાર્યક્રમને સફળ બનાવવા વિશેષ જહેમત ઉઠાવેલ.

આ વર્ષના ઇનામના સહયોગી દાતા માતુશ્રી મુરબાઈ જવેરચંદ લોડાયા પરિવાર હતા..

શરદોત્સવ સ્પર્ધાના વિજેતાઓઃ મેંહદી (૨૫ ની નીચે) પ્રથમ-પલક ચેતન છેડા, દ્વિતીય-હર્ષિતા ચંદ્રેશ છેડા, (૨૫થી ઉપર) પ્રથમ સૌ.. સુનયના અમિત મૈશેરી, દ્વિતીય-સૌ.. શ્વેતા લોડાયા, રંગોલી (૧૫ વર્ષ) પ્રથમ-સૌ સુનયના અમિત મૈશેરી, દ્વિતીય-કુ. રેશની તરૂણ લોડાયા, (૧૫વર્ષ) નીચેના પ્રથમ કુ. હર્ષિતા ચંદ્રેશ છેડા, દ્વિતીય-કુ. પલક ચેતન છેડા, એક મિનટ ગેમ (૧૦ વર્ષ સુધીના) પ્રથમ-ડેનિલ શાહ, દ્વિતીય-હર્ષિત શાહ, ૧૦ થી ૧૫ સુધી પ્રથમ-અમી ચેતક શાહ, દ્વિતીય-સોનીયા લોડાયા, ફેશન શૉ (મહિલાઓ) પ્રથમ-સૌ. રીટા શાહ, દ્વિતીય-સૌ.. નીતા દિપક નાગડા, દિપ સજાવટ પ્રથમ-સૌ.. મિત્તલ ભાવિક નાગડા, દ્વિતીય-સૌ. હેતલ શાહ, ગ્રીટીંગ કાર્ડ-વય ૪થી ૯ વર્ષ પ્રથમ-મોક્ષ અમિત જીવાણી, દ્વિતીય-વિધિ મોમાયા, વય ૭ થી ૧૦ વર્ષ પ્રથમ-ઋષભ લાલકા, દ્વિતીય-ડેનિલ શાહ, વય ૧૦ થી ૧૫ વર્ષ પ્રથમ-ખુશબુ લાલકા, દ્વિતીય-ખુશી લોડાયા આવ્યા.

## શ્રી સ્વસ્તિક ગ્રુપ-ડોંબિવલી

ગ્રુપ દ્વારા પહેલા યુવાઓ માટે મર્યાદિત ઓવર્સની ક્રિકેટમેચ યોજાયેલ. એ પછી ડોંબીવલીવાસીઓ માટે જૈન સંસ્કારોના મહિમાને વધારતું ગુજરાતી નાટક "મિચ્છા મિ દુક્કડમ્" વિવિધ દાતાઓના સહયોગે નિશુલ્ક ગોઠવાયેલ એ પ્રસંગે ગ્રુપના કાર્યકરોએ દાતાઓનું સન્માન કરેલ. ગ્રુપ હંમેશા રચનાત્મક સામાજિક કાર્યો માટે તત્પર છે. નાટક પુરૂં થતાં જ્ઞાતિનજોમાટે બસ સુવિધા પણ રાખવામાં આવી હતી.

## જખૌ-ચાતુર્માસ પરિવર્તન

જખૌ તીર્થે ચાતુર્માસ બિરાજમાન પૂ.સા.શ્રી જયકિર્તીશ્રીજી મ.સા.એ પાંચ મહિના સુંદર ધર્મઆરાધના કરાવી.. મહાજનશ્રીના ઉપક્રમે પૂજ્યશ્રીની પ્રેરણાએ વિવિધ પુજન અનુષ્ઠાન અને તપ-જપ, ધૃત વ્રતની સુંદર વૃધ્ધિ થઈ. રેકોર્ડરૂપ ધર્મ પ્રભાવના થઈ. જખૌમાં બહેનોએ પુજ્યશ્રીની પ્રેરણાથી સમુહ સામાયિક, જાપ આદિ કાર્યક્રમોમાં ભાગ લીધેલ. મહાજનશ્રી તરફથી દરેકને સારી પ્રભાવના કરાઈ. પૂજ્યશ્રીનું ચાતુર્માસ પરિવર્તન તા.૨૯-૧૧-૧૨ના સવારે સંઘ સાથે લાલા તરફ વિહાર કરીને થયું. પુજ્યશ્રી સાથે ૧૦૦ જૈન જૈનેતર સહિત ભાવિકો જિનાલયથી જખૌના પ્રવેશનાકા સુધી ભાવભીની વિદાય આપવા ગયેલ. ૩૫ જણાં છેક લાલા સુધી ગયેલ. લાલા મહાજને સકલ સંઘનું હાર્દિક સ્વાગત કરેલ. દેવદર્શન કરી સંઘે નવકારશી લાભ લીધેલ.. દાતાઓના સહયોગથી દરેકને રૂા.૨૦૦ની પ્રભાવના થઈ. મહાજનશ્રી અને ટ્રસ્ટ દ્વારા જખૌતીર્થના જરૂરી જિર્ણોધ્ધાર અને રંગકામ અંગે આયોજન વિચારાઈ રહ્યું છે.

## અનંતનાથ જિનાલયથી ચાતુર્માસ પરિવર્તન

પૂજ્યોની નિશ્રા પ્રેરણાએ માર્ગદર્શને સતત પાંચ મહિનાની ધર્મ આરાધનાથી સફળ ઐતિહાસિક ચાતુર્માસ પુર્ણ કરી શાસનપ્રભાવિકા પૂ.પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિ.પૂ.સંયમગુણાશ્રીજી મ.સા.આ.ઠા.-૩ તા.૨૯-૧૧-૧૨ સવારે ૯.૩૦ક. મુમુક્ષુ કુ. દિશાબેન જયચંદ હીરજી લોડાયાના નિવાસસ્થાને ચાતુર્માસ પરિવર્તન કરેલ.

## મસ્જીદબંદરે પંચાન્હિકા મહોત્સવ

અનંતનાથદાદાની શીતળછાયામાં ચાતુર્માસમાં થયેલ વિવિધ તપ-જપ-આરાધના તથા સાધ્વીમુખ્યા પૂ. નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા-શાસન પ્રભાવિકા પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.ની ૧૨મી પુણ્યતિથી નિમિતે પંચાન્હિકા મહોત્સવ રાખવામાં આવેલ.


*વગર દવાએ સરળ ઉપચારથી*
*રજવાડીઠાઠથી જીવવાની કળા*

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવુ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી •એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

*આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે*

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
**Mob.: 9820002953 •Tel.: 022-24121234**



**લગ્ન પ્રસંગોને દિપાવવા**
**પાલવ બાંધણીનું વિશેષ આયોજન**
**• ઘરચોળા અને બોર્ડર ફેસ્ટીવલ**
**આવો, જાણો અને મેળવો...**
**વિશેષ લાભ (સ્પેશિયલ ઓફર)**
**• બાંધણી • ડ્રેસ મટિરિયલ્સ • ફુટવેર • હેન્ડબેગ**
**પાલવ** શોપ નં.૧, "ઓ" વિંગ, વર્ધમાનનગર, ભક્તિમાર્ગ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
**ફોનઃ 25616842/25906287**
રવિવારે વિશ્રામ

તા.૨૪-૧૧-૧૨ના સવારે ૯-.૪૫ ક. મુનિસુવ્રત સ્વામિ અનુષ્ઠાન જમકુબેન પદમશી લોડાયા પરિવાર તરફથી, તા.૨૫-૧૧-૧૨ના સવારે ૯ ક. મહાકાલી માતાજીનું પૂજન સકળ શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ.

તા.૨૬-૧૧-૧૨ના સવારે ૧૦ ક. નવ્વાણુ પ્રકારી પૂજા, અલગ અલગ પરાંના પૂજા મંડળો ભણાવેલ. પૂજાના લાભાર્થી કીર્તીભાઈ હરિયા (ભાંડુપ)

તા.૨૭-૧૧-૧૨ના સવારે ૧૦થી ૧૧ સમુહ સામાયિક રાખવામાં આવેલ. તા.૨૮-૧૧-૧૨ના સવારે ૯.૩૦ ક. ચાતુર્માસિક વ્યાખ્યાન બાદ સિધ્ધાચલના પટ્ટ સમક્ષ ૧૦૮ ખમાસમણા સહ ભાવયાત્રા રાખવામાં આવેલ. દરેક કાર્યક્રમોમાં સકલ સંઘે સારી હાજરી આપી.

## વરસીતપ આરાધકોની વિશેષ ટ્રેન યાત્રા

પૂ. સુરિ ગુણ જન્મ શતાબ્દિ વર્ષ નિમિત્તે ભારતભરનાં ૧૪૦૦ જણાંના (૧૩ માસ) સમુહ વરસીતપ ચાલી રહ્યા છે. એ સર્વે તપસ્વીઓને શાતાપૃચ્છા. આ તપસ્વીઓને શ્રી નવીન ઉમરશી ગંગર અને શ્રી ધનજી ઘેલાભાઈ ગાલાના ઉદાર સહયોગે મુંબઈથી શેત્રુંજય, ભદ્રેશ્વર અને ૭૨ જિનાલય અને હસ્તીનાપુર તીર્થની સ્પર્શના યાત્રા કરાવાશે. એ માટે વિશેષ ટ્રેન દ્વારા યાત્રાપ્રવાસ ગોઠવાયો છે.

આ "નવધન" સ્પે. ટ્રેન મુંબઈ વાંદરા ટર્મીનસથી તા.૫-૧૨-૧૨ના બપોરે ૧૨ વાગે ઉપડશે. પ્રસ્થાન કરશે ૧૨૦૦ તપસ્વીઓ આ યાત્રામાં જોડાશે. વિવિધ સંઘ/ સમાજના પદાધિકારીઓ, અગ્રણીઓ અને તપસ્વીઓના પરિવારજનો-સગાસંબધી તથા ભાવિકો ભાવભરી વિદાય આપવા પધારશે. ચાલુ ટ્રેનમાં તપસ્વીઓ ભક્તામરપાઠ, ચૈત્યવંદન, સ્નાત્રપુજા, નવકાર જાપ, ભાવના સહ તીર્થોમાં વિવિધ મહાપૂજન અનુષ્ઠાન માણશે.

૭૨ જિનાલય તીર્થે ગુરૂમંદિર પટ્ટાંગણમાં ભવ્ય ગુરૂવંદના અને ભક્તિનું સંગીતમય અનુષ્ઠાન કરાવાશે. આ સમગ્ર યાત્રા વ્યવસ્થા શ્રી ચેતન મોતા (TMT) અને ટીમ સંભાળશે.

આ ટ્રેન પ્રસ્થાન સમારોહમાં કચ્છી જનતાનો મેળો જામશે. આ સ્પે. ટ્રેનને વાજતેગાજતે વિદાય અપાશે. આ ટ્રેન પહેલા બાંદ્રાથી પાલીતાણા જશે ત્યા ૬-૧૨-૧૨ના ગિરીરાજની યાત્રા કરશે. સાંજે ચેન્નઈ ધર્મશાળામાં મહાઆરતી રહેશે. ૭/૧૨ના સાંજે ૭.૩૦ વાગે કચ્છ તરફ પ્રસ્થાન કરશે. ૮-૧૨ના ગાંધીધામ આવી બસો દ્વારા ૭૨ જિનાલય અને ભદ્રેશ્વર તીર્થે પધારશે. સાંજે ૭.૩૦ ટ્રેન દ્વારા ગાંધીધામતી હસ્તીનાપૂર પ્રસ્થાન કરશે. તા.૧૦-૧૨ના હસ્તીનાપુર આવશે ત્યાંથી તા.૧૧-૧૨ના નીકળીને તા.૧૨-૧૨-૧૨ના મુંબઈ પરત પધારશે.

## બેંગલોરથી પેદતુંબલતીર્થ સંઘ

પૂ. મુનિ શ્રી દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં તા.૧૨-૧૨-૧૨નાં બેંગલોર જયનગરથી છ'રી પાલિત સંઘ પેદતુંબલ (પાર્શ્વમણી) તીર્થ આદોની જવા પ્રસ્થાન કરશે. ૨૫ દિવસીય આ વિહારયાત્રામાં લાભ લેવા ઇચ્છુક ભાવિકો નિયત ફોર્મ ભરી જોડાઈ શકશે.

## ચાતુર્માસ પુર્ણાહુતિ અને પરિવર્તન

કારતકી પુનમ બાદ સર્વે ગુરૂ સાધુ-સાધ્વીજીઓ પાંચ માસનું ધર્મ આરાધનામય ચાતુર્માસ પુર્ણ કરી ચાતુર્માસ પરિવર્તન કરશે. કારતકી પુનમે વિવિધ સંઘોમાં પ્રભુ ઋષભદેવના પૌત્ર દ્રાવિડ અને વારિખિલ્લ ૧૦ કોડ મુનિઓ સાથે સિધ્ધપદ પામ્યા. એ નિમિતે સર્વત્ર સંઘોમાં શેત્રુંજયતીર્થની ભાવયાત્રા યોજાઈ. વિધિસર દર્શન વંદન ચૈત્યવંદન અને ૧૦૮ ખમાસણાં સહ ભાવયાત્રા થઈ. સાધર્મિક ભક્તિ અને ભાતાનાં લાભ લેવાયા. પૂજ્યશ્રીઓ આગળ વિહાર કરી વિવિધ સંઘોમાં દર્શન-વંદનના લાભ આપશે અને ધર્મકાર્યોની પ્રેરણા કરશે.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ-અમદાવાદ

મહિલા મંચના સભ્યો સમેતશિખરજીની યાત્રા સુખશાતાપુર્વક કરી આવ્યા. તા.૨૭-૧૦-૧૨ મંચના ઉપક્રમે પ્રિતમ નગર અખાડામાં નવરાત્રિ નિમિતે અમદાવાદની "સ્વર અને સપ્તક" મ્યુઝીકલ પાર્ટીના સથવારે પરંપરાગત રાસ ગરબા, મટુકડી અને દાંડીયારાસ રમાઈ. એમાં વય જુથ પ્રમાણે ચાર ગ્રુપ રચાયા હતા.

ગ્રુપ એ - ૧૫ થી ૧૨ વર્ષ, ગ્રુપ બી - ૧૩ થી ૨૫ વર્ષ, ગ્રુપ સી - ૨૬ થી ૪૦ વર્ષ, ગ્રુપ ડી - ૪૧ થી ઉપર

દરેક ગ્રુપ માટે ત્રણ ઈનામ અપાયેલ. કાર્યક્રમના અંતે અલ્પાહાર રાખવામાં આવેલ. વિવિધ દાતાઓએ ઉદાર સહયોગ આપેલ. અસલ કચ્છી વેષભુષા ડ્રેસ અને ભરતની સાડીઓમાં સજજ બહેનોએ ભાગ લીધેલ.

આગામી કાર્યક્રમમાં ડિસેમ્બર છેલ્લા અઠવાડિયામાં ડાબડા પાર્ટી અને જાન્યુ-ફેબ્રુ.માં યાત્રાનું આયોજન કરાશે.

બહેનોએ મનમાણીને ગરબા તથા દાંડિયાનું આનંદ માણેલ. હરિફાઈના વિજેતાઓ : નાના બાળકોમાં ૧) માનસી ધર્મેશ છેડા, ૨) ચાર્મી કેતન લોડાયા, ૩) હેતીકા રાજેશ ધરમશી, ૧૩ થી ૨૫ વર્ષના જુથમાં-કુ. ભુમિ જયેશ શાહ, ૨૬ થી ૪૦ વર્ષના જુથમાં-૧) કુંદન વિશ્વાસ ધરમશી, ૨) મીરા રાજેશ ધરમશી, ૩) દીના ગૌરવ દૌલત, ૪) મીનલ તરૂણ દંડ, ૪૦ થી ઉપરના જુથમાં : ૧) કુંજલ મોતા, ૨) દિવ્યા મોતા, ૩) હિરલ શાહ, ૪) પુષ્પાબેન નરેન્દ્ર લોડાયા આવ્યા.

## પૂ.સા. અનંતકિર્તીશ્રીજીની ૧૦૦મી ઓળી

પૂ.સા.શ્રી અનંતકિર્તીશ્રીજીની ૧૦૦મી ઓળીના પારણા તા.૯-૧૨-૧૨ના વિજયમુર્હુતે વિશાળ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતીમાં ત્ર્યાન્હિક મહોત્સવ આયોજનથી લાલવાડી સંઘમાં ઉજવાશે.

## કચ્છથી શંખેશ્વર-શેત્રુંજ્ય તીર્થ છ'રી પાલિત સંઘ

પૂ. ગચ્છાધિપતિ આ ગુણોદયસાગરસુરીજી આ.ઠા. વર્ધમાન નગરે ઐતિહાસિક ચાતુર્માસ પુર્ણ કરી સકલ સંઘ સાથે ભુજથી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયેથી તા.૨૨-૧-૧૩ના પ્રસ્થાન કરી વિહારમાં સંઘોમાં શાસન પ્રભાવના કરાવતા તા.૭-૨-૧૩ ના શંખેશ્વર તીર્થે પધારશે. તા.૮-૨-૧૩ના સંઘમાળ રહેશે. ત્યાંથી સંઘ વિહાર કરી શેત્રુંજય તીર્થ માટે પ્રસ્થાન કરશે. અમદાવાદમાં પૂ. ગુણોદયસાગરસુરી આરાધના ભવન (નવનીત) અચલગચ્છ ભવનનું ઉદ્‌ઘાટન રહેશે. ત્યાંથી વિહાર કરતા તા.૨-૩-૧૩ના પાલીતાણા પધારશે. તા.૩-૩-૧૩ના સંઘમાળ કાર્યક્રમ છે. આ સંઘમાં જોડાવા ઈચ્છુકો વિવિધ કેન્દ્રોપરથી નિયત ફોર્મ લઈને, ભરીને જોડાઈ શકશે.

## થાણામાં તા.૧૨-૧૨-૧૨ના નવકાર મંત્ર ભાષ્ય જાપ

બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠિ પરિવાર પ્રેરીત શ્રી જયંતભાઈ રાહીના માર્ગદર્શને મા. ઝવેરબેન રમણલાલ સત્રા પરિવાર (ગુંદાલા-મુલુન્ડ) અને મા. ઝમકુબેન ચાંપશી લોડાયા પરિવાર હ. સૌ. રશ્મિબેન પ્રતાપ લોડાયા (તેરા-મુલુન્ડ)ના ઉદાર સૌજન્ય-સહયોગે મંત્રાધિરાજ નવકાર મંત્રના ભાષ્ય જાપ તા.૧૨-૧૨-૧૨ના વિશિષ્ટ યાદગાર દિને સવારે ૮.૧૫ કલાકે ટીપટોપ પ્લાઝા, થાણા (વે)માં યોજાયા છે. જાપ બાદ શ્રી ગજલક્ષ્મીજીનું મહાપુજન રહેશે.

## ભોપાલમાં સાંસ્કૃતિક મિલન

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી પૃથ્વીરાજસિંહ ચૌહાણ દરવર્ષે પોતાના નિવાસસ્થાને એક કાર્યક્રમ યોજે છે. જેમાં જૈન સમાજને આમંત્રિત કરી સામુહિક ક્ષમાપના કરાય છે. એમાં જૈન મંત્રીઓ અને વરિષ્ઠ પદાધિકારીઓનો સમાવેશ હોય છે. આ કાર્યક્રમમાં આ વર્ષે શ્રીમતિ જ્યોતિ મોતાને ખાસ આમંત્રિત કરાવેલ કારણ આ વર્ષે નારી શક્તિનું હોઇ ભામીની સંસ્થાના અધ્યક્ષ જ્યોતિબેન મોતાના માર્ગદર્શનમાં નૃત્યનાટિકા કાર્યક્રમ રજુ થયેલ જેનું થીમ 'બેટી બચાઓ' પર આધારીત હતું. આ કાર્યક્રમને સૌએ ખુબ વધાવ્યું અને મુખ્યમંત્રીએ મંચપર પધારી કલાકારોને અભિનંદન આપ્યા.

## શ્રીજી ઇંગ્લીશ સ્કુલ-ધુલીયા

અત્રે શાળામાં શ્રી ક.દ.ઓ. જૈન બોર્ડીંગ સંચાલિત અંગ્રેજી માધ્યમની આ શાળામાં તા.૯-૧૧-૧૨ના પં. નહેરુનો જન્મદિવસ બાલદિન અને દિપાવલી ઉત્સવ નિમિતે સાંસ્કૃતિ કાર્યક્રમ ગોઠવાયેલ. આ પ્રસંગે જિલ્લાના ઉપજિલ્લાધિકારી શ્રી વિવેક ગાયકવાડ અતિથિવિશેષ પદે પધારેલ. તેમના હસ્તે પં. નહેરુની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી. દીપપ્રજ્વલન કરી શ્રી ગણેશવંદના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. શાળાના પ્રાચાર્યા સૌ. રવનીત કૌર કોહલી અને વિદ્યાર્થીઓએ બાલદિન વિષે મહત્વ સમજાવેલ. આ પ્રસંગે રંગમંચની સજાવટ કરવામાં આવેલ. શાળાના શિક્ષકવૃંદે વિદ્યાર્થીઓ સામે સુમધુર ગીત, નૃત્યો, 'વિવિધતામાં એકતા' નાટક તેમજ વિવિધ વેશભૂષાની સુંદર રજૂઆત કરેલ.

પૂર્વ પ્રાથમિક વર્ગોની શિક્ષિકાઓએ "મૈને કહા ફૂલોં સેં" સુમધર ગીત પર નૃત્ય રજૂ કરેલ. પ્રાથમિક વિભાગના શિક્ષિકાઓએ "ગીડા" આ પંજાબી ભાંડગડા નૃત્ય પ્રસ્તુત કરેલ. શિક્ષિકા ગ્રેસ જૉર્જ એ 'પલ' આ ગીત મધુર કંઠથી ગાયેલ. માધ્યમિક વિભાગના શિક્ષકોએ સર્વ ધર્મ સમભાવ પર આધારિત વિવિધતામાં એકતા નાટિકા રજૂ કરેલ. 'કૌન બનેગા કરોડપતિ' આ ટી.વી. રીયાલીટી શૉનું પ્રસ્તુતીકરણ શિક્ષિકાઓ દ્વારા કરવામાં આવ્યું. તેમજ શિક્ષકવૃંદ દ્વારા મનોરંજક અને નાવિન્યપૂર્ણ વેશભૂષા સંવાદસહ સાદર કરવામાં આવેલ.

શ્રી વિવેક ગાયકવાડજીએ વિદ્યાર્થીઓને ઉદ્દેશ્યપૂર્ણ માર્ગદર્શન આપેલ. ઉત્કૃષ્ટ કલા અને વેશભૂષા રજૂ કરનાર વિજેતા શિક્ષકોને આ પ્રસંગે અતિથિના હસ્તે ઈનામ આપવામાં આવેલ. લગભગ ત્રણ કલાક ચાલેલ આ રંગારંગ કાર્યક્રમનું સમાપન, આભારદર્શન અને રાષ્ટ્રગીત દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે પ્રમુખ અતિથિ તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપાવલી નિમિતે શાળાનાં આશરે પાંચસો વિદ્યાર્થીઓ, શિક્ષક અને શિક્ષકેતર કર્મચારીઓને લાડુની પ્રભાવના કરાઈ.

આ પ્રસંગે શ્રી ચંદ્રકાંતભાઈ શાહ, સૌ. કાંતાબેન શાહ, શ્રી પ્રદિપ શાહ, મહિલામંચના પ્રમુખ સૌ. પ્રીતિ મોમાયા, ધુલિયા, મહાજનના પ્રમુખ શ્રી વસંતભાઈ ગોસર તથા સૌ. હિના કેતન ગોસર આ પ્રસંગે ઉપસ્થિત રહેલ.

## શ્રી શાંતિજિન ગ્રુપ દ્વારા સમુહલગ્નોત્સવ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈના ઉપક્રમે ક.દ.ઓ. જૈન જ્ઞાતિનો સમુહ લગ્નોત્સવ-૨૦૧૨ આદિપુરમાં

યોજાશે. જેમાં ૨૧ યુગલો લગ્નગ્રંથીથી જોડાઈ પ્રભુતામાં પલા માંડશે.

ગ્રુપનાં અધ્યક્ષ શ્રી જયેશ જૈન તથા ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલના માર્ગદર્શનમાં કાર્યકરો આ ભવ્ય સમારોહની તૈયારી કરી રહ્યા છે. સમુહલગ્ન પ્રવૃત્તિને સમાજે આવકારી છે. દર વર્ષે ડિસેંબરમાં કચ્છમાં આ સમારોહ ઉજવાય છે. સમુહ લગ્નોત્સવમાં જોડાનાર નવયુગલોને સંસ્થા દ્વારા વિવિધ દાતાશ્રીઓનાં સહયોગથી દાગીના, કપડા સાથે ઉપયોગી ઘરવખરી સામાન ભેટ અપાય છે. સમુહલગ્નમાં જોડાનાર પાર્ટીઓ ઘરે કોઈ કાર્યક્રમો યોજતી નથી. સમુહલગ્ન સ્થળે દરેક કાર્યક્રમો યોજવામાં આવે છે. સમુહ લગ્નના કારણે દરેકના ખોટા ખર્ચ, સમય શક્તિની બચત થાય છે.

તા.૮ અને ૯ ડીસેમ્બરે લબ્ધિનિધાન વાટિકા, સ્વામિ લીલાશા કુટીયા, આદીપુરમાં યોજાનારા કાર્યક્રમના મુખ્ય સહયોગી શણગારનો લાભ માતુશ્રી નવલબેન નવિનચંદ્ર ઘરમશી (સુથરી-પૂના/માટુંગા) પરિવારે, સહયોગી શણગારનો લાભ શ્રી શાંતિલાલ કુંવરજી મોમાયા (વરાડીયા-ભાંડુપ) તથા એક સદગૃહસ્થ પરિવાર (મુલુંડ) અને સહાયક શણગારનો લાભ શ્રી જગદીશ કાનજી ઘરમશી (તેરા) માતુશ્રી દેવકાંબાઈ દેવજી નાગડા હ. પ્રફુલ નાગડા (રાપરગઢવારી), માતુશ્રી દેવકાબાઈ નેણશી ઘરમશી (કોઠારા) તથા માતુશ્રી ભચીબાઈ ધનજી દંડ (પરજાઉ) પરિવારોએ લીધેલ છે.

કન્યાદાનનાં મુખ્ય દાતાઓ શ્રીમતિ સીમાબેન લબ્ધીકુમાર મોમાયા (મોટીસિંધોડી-ગાંધીધામ) (ભલારા દાદા એસ્ટેટ એજન્સી), માતુશ્રી કુંવરબાઈ ભવાનજી સોની (સુથરી-જુહ) હસ્તે જયંત સોની તથા અન્ય પરિવારોએ લીધેલ છે.

તા.૮-૧૨ સવારે ૭ કલાકે જાનૈયા-માનૈયાઓનું સ્વાગત, ૮ કલાકે ઋષિમંડલ મહાપૂજન, બપોરે બે વાગે મહાકાળી માતાજીની ભાવના, રાત્રે ૮ કલાકે સંગીત મહોત્સવ સાથે દાંડીયારાસ તા.૯-૧૨ સવારે ૭.૩૦ કલાકે "કન્યાદાન-મહાદાન" પ્રદર્શન ઉદ્‌ઘાટન, ૯ વાગે વરરાજાનો વરઘોડો, સવારે ૧૦-૧૫ કલાકે હસ્તમેળાપ અને લગ્નવિધિ બપોરે ૧૨.૪૫ કલાકે સત્કાર અને અભિવાદન સમારોહ અને બપોરના ૩.૩૦ કલાકે કન્યા વિદાય કાર્યક્રમો સમુહલગ્ન સ્થળે યોજાયા છે. સત્કાર અને અભિવાદન સમારોહનું અતિથિવિશેષ પદ સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મેઘજી મોતા, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈના પ્રમુખ શ્રી નયનભાઈ અશોક ભેદા, ઉદ્યોગપતી શ્રી જયંત ભવાનજી સોની તથા ઉદ્યોગપતિ સંજય નવિનચંદ્ર ઘરમશી શોભાવશે.

ગ્રુપના કાર્યકરો અવસર માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. આ લગ્નોત્સવ ખુબજ આનંદ-ઉત્સાહથી ઉજવાશે.

આ અવસરે શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર, ચંદ્રેશ વીરચંદ છેડા, શ્રી તેજપાલ ધારશી નાગડા (કવિ તેજ) તથા શ્રી શામજીભાઈ નરશી દંડનું વિશિષ્ટ સન્માન કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સુત્ર સંચાલન શ્રી ધીરજ છેડા "એકલવીર" કરશે.

## શ્રી ક.દ.ઓ. જૈન અંગ્રેજી સ્કુલ-ગદગ

અત્રેની પ્રતિષ્ઠિત શ્રી સી.ડી.ઓ. જૈન ઇંગ્લીશ મિડીયમ હાઈસ્કૂલની ક્રિકેટ ટીમે કારવારમાં રમાયેલી વિભાગીય સ્પર્ધામાં તથા તા.૭-૧૧-૧૨ના રમાયેલી મેચમાં ઝળહળતો વિજય મેળવીને શાળાનું તેમ જ ગદગનું નામ રોશન કર્યું હતું. વિભાગીય સ્પર્ધામાં બેલગામની ટીમ સામે ૫ વિકેટથી વિજય મેળવ્યો હતો. રાજ્યસ્તરની સ્પર્ધામાં ગુલબર્ગા, બેંગલોર તથા છેલ્લે મૈસુરની ટીમને પરાજતિ કરીને રાજ્યસ્તરે ટીમ જીતી હતી. આ રીતે રમતગમત ક્ષેત્રે શાળાનું નામ રોશન કર્યુ હતું. વિજેતા ટીમને શાળાનાં પ્રમુખ શ્રી દિનેશચંદ કુંવરજી લોડાયા, કાર્યકર શ્રી ચંદ્રકાંત લાલજી લોડાયા, મુખ્યાધ્યાપિકા શ્રીમતી આર.એસ. મઠદ, શ્રીમતી આર.પી. કોલ્હાર, શ્રીમતી એમ.બી. હીરેમઠ, કોચર શ્રી એ.સી. રાજુર તથા શાળાનાં સર્વે કર્મચારીઓએ હાર્દિક અભિનંદન આપ્યા હતા.

## પૂ. યુવાચાર્યશ્રીનો વિહાર કાર્યક્રમ

પૂજ્યશ્રી ૨૦૬૯ના કા.વ.૧ ના ઠાણાઓઠાણ બાદ ઘાટકોપર, ચેંબુર, નવી મુંબઈ, બેલાપુર, પનવેલ, ઉંચેરા, પોયનાર થઈ તા.૬-૧૨-૨૦૧૨ના અલીબાગનગરે નૂતન જિનાલય પ્રતિષ્ઠા પ્રસંગે પ્રવેશ કરશે. ૧૦-૧૨-૧૨ના પ્રતિષ્ઠા સહ પૂજ્યશ્રીની ૪૩મી દીક્ષા તિથિની અનુમોદના તપ જપ સહ કરાવાશે.

તા.૧૬ના કલંબોલી વિહારધામ ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન, ત્યાંથી મા.સુ. ૫, ૬, ૭ નવી મુંબઈના અચલગચ્છ દેરાસરની વર્ષગાંઠ પ્રસંગે પધારી ડોંબિવલી પધારશે.

## પાલીતાણા તીર્થે વિવિધ ધર્મ અનુષ્ઠાનો

પૂ.આ.શ્રીમદ વિજયયોગતિલકસૂરીશ્વરજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં શેત્રુંજયતીર્થે વિમલગિરિ વર્ષાવાસ અને ભવ્ય ઉપધાન તપ અનુષ્ઠાન સાથે વિવિધ ધાર્મિક કાર્યોના યોગ રચાયા છે. ત્ર્યાન્હિકા મહોત્સવમાં ૩૦/૧૧ના પંચકલ્યાણક પુજા, તા.૧-૧૨નાં સવારે ૮.૩૦ વર્ષીદાન વરઘોડો, રાત્રે ૮ વાગે બહુમાન સમારોહ અને

વિદાય તિલકની ઉછામણી બોલાશે. તા.૨-૧૨ના મંગલમુહર્તે અધ્યાત્મવાટિકામાં (અંકીબાઈ) દીક્ષાવિધિ પ્રાંભ થશે.

પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપધાનતપ નિમિતે તા.૭-૧૨ના બપોરે પંચકલ્યાણક પુજા છે. ૮-૧૨નાં બપોરે શ્રી નવપદની પુજા છે. ૯-૧૨નાં મોક્ષમાળ પરિધાનની ઉછામણી બોલાશે. તા.૧૦-૧૨નાં ઉવધાનતપના આરાધકોનું બહુમાન છે. તા.૧૧-૧૨નાં સવારે ૮ વાગે તપસ્વીઓની શોભાયાત્રા છે અને તા.૧૨-૧૨ના વિશિષ્ટદિને સવારે ૮ વાગે માળારોપણ છે. આ કાર્યક્રમ તીર્થવાટિકા, તળેટીરોડ, પાલીતાણામાં રહેશે. સમગ્ર ઉત્સવ આયોજનના લાભાર્થી માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર હા. સૌ. નિશાબેન હિતેશ મોતા (રાપરગઢ) છે. સકલ સંઘને આ પ્રસંગે આમંત્રણ છે.

## શ્રી પાર્શ્વમણી તીર્થે જિનેન્દ્રભક્તિ મહોત્સવ

આંધ્રપ્રદેશ આદોની નજીક શ્રી પાર્શ્વમણિ તીર્થ (પિદતુંબલમ)માં શ્રી પાર્શ્વનાથના જન્મ-દીક્ષા કલ્યાણક નિમિતે સમુહ અઠ્ઠતપ-એકાસણાં અને પાર્શ્વપદ્માવતી મહાપૂજન સહ ત્રણ દિવસનો મહોત્સવ પ્રવચન પ્રભાવક પૂ. મુનિ શ્રી દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા. અને પૂ.સા. હર્ષગુણાશ્રીજી, સૌમ્યાંજનાશ્રીજી અને સમયગુણાશ્રીજીની નિશ્રામાં પૂ.સા.શ્રી સુલોચનાશ્રીજી-સુલક્ષણાશ્રીજી પ્રેરીત તીર્થમાં તા.૫-૧-૧૩ થી ૯-૧-૧૩ દરમ્યાન ભક્તિ મહોત્સવ ઉજવાશે. તા.૭-૧-૧૩નાં પાર્શ્વપદ્માવતી પુજન, તા.૮-૧ ાં ૧૮ અભિષેક અને તા.૯-૧ના તપસ્વી પારણા રહેશે. પૂ. દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા. છ'રીપાલિત સંઘ રૂપે તા.૧૨-૧૨ના બેંગલોરથી વિહાર કરી તા.૬-૧-૧૩નાં અત્રે પધારશે. તા.૭-૧ના શ્રી પાર્શ્વ-પદ્માવતી સાધના સદનનું ઉદ્ઘાટન છે. પૂજ્યશ્રીની પ્રેરણાએ ૧૫૦ અઠ્ઠમતપ યાત્રિકો છે. આ તીર્થના મૂળનાયક પ્રભાવી પાર્શ્વનાથ એ ગામના એક કુવાના ખનન સમયે ૧૨મી સદીની મુર્તિ મળેલ તે છે. નૈસર્ગિક વાતાવરણમાં આવેલ આ મહિમાવંત તીર્થના દર્શનાર્થે અનેક શ્રધ્ધાળુઓ પધારે છે.

## નાંદેડમાં દલતુંગી સંઘ પધારેલ

પુ. દિવ્યગુણાશ્રીજી મ.સા. તથા પુ. કોટીગુણાશ્રીજી મ.સા.ને વંદન કરવા દલતુંગીના ૫૦ શ્રાવક-શ્રાવીકા સંઘ રૂપે તા.૨૩-૧૧ના નાંદેડ પધારેલ. અહીથી ૯૦ જણાં પોતાની ગાડી લઈ સ્ટેશને જઈ તેમને આવકારીને ગુજરાતી સ્કુલમાં લઈ આવેલ. અહીં નવકારસીની વ્યવસ્થા શ્રી સંઘ તરફથી હતી. નવકારસી વાપરીને વ્યાખ્યાન શ્રવણ-પ્રભુદર્શન અને સેવા-પુજા કરેલ. વ્યાખ્યાન બાદ દલતુંગીના જિનાલયના ટ્રસ્ટી શ્રી પ્રવીણ જેઠાલાલ લાપસીયાનું તથા દલતુંગી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનના પ્રમુખ શા. શામજી પેથરાજ શીયાલનું નાંદેડ સંઘે શૉલ-શ્રીફળ-પુષ્પગુચ્છથી બહુમાન કરેલ. બપોરના ભોજન બાદ નાંદેડના પ્રખ્યાત ગુરૂદ્વારાના દર્શન પછી સાંજના ચોવીહાર રાત્રે બધા જિનાલયમાં પ્રભુભક્તિ ભાવનામાં હાજરી, રાત્રે ૧૦ સુધી પ્રભુ ગુણગાનમાં સહુએ રસપુર્વક લાભ લીધો.

તા.૨૪-૧૧ સવારના ઠીક પાંચ વાગે અંતરીક્ષજી તીર્થ તરફ પ્રયાણ, પ્રભુ પાર્શ્વનાથના દર્શન કરી સાંજના ફરી નાંદેડ સ્ટેશને પધાર્યા. સાંજના સાત વાગે ટ્રેનથી મુંબઈ તરફ રવાના થયા. સ્ટેશને નાંદેડ સંઘની વ્યવસ્થા બદલ તથા આગતા-સ્વાગત બદલ સંતોષ અને આભાર વ્યક્ત કરેલ.

## સાઘલીમાં સરસ્વતી વંદના અને શંખેશ્વર ભાવયાત્રા અનુષ્ઠાન

કચ્છી આઠ કોટી મોટીપક્ષ સંપ્રદાયના પૂ. નિરાલીબાઈ મહાસતીજી તથા પૂ.શ્રી વંદિતાબાઈ મહાસતીજીની નિશ્રામાં શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથનું ભક્તિ અનુષ્ઠાન સાઘલીમાં યોજવામાં આવેલ. અનુષ્ઠાનની વિધિ શ્રી કિશોરભાઈ સાંયાએ શંખેશ્વર તીર્થની ભાવયાત્રા કરાવેલ. સૌ ભાવિકો ભાવપુર્વક યાત્રા કરી ક્ષમાયાચના માગેલ.

ભાવયાત્રામાં સંગીતકાર મનસુખભાઈ શેઠ અને સ્થાનિક ભાવિકોએ ભાવના કરેલ.

સંઘવતી શ્રી કિશોરભાઈ સાંયા તેમજ શ્રી મનસુખભાઈ શેઠનો આભાર માની બહુમાન કરાયેલ.

## બેલ્લારી-ગુજરાતી મહિલા સેવા મંડળ

મંડળ તરફથી તા.૧૪-૧૧-૧૨ના નવા વર્ષની ઉજવણી હોઈસલા હોટલમાં રાખવામાં આવેલ. સૌ. નીતા શરદ મૈશેરીએ બધાને સાલમુબારકની વધાઈ આપી કાર્યક્રમની શરૂઆત કરી. સેક્રેટરી સૌ. જયંતીબેને મંડળની પ્રવૃતિઓને અહેવાલ આપેલ. ઉતીર્ણ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા. ૮ વર્ષ સુધીના બાળકો માટે ફેન્સી ડ્રેસ સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં, કૃષા દેઢિયા, મોક્ષ છેડા, સ્પર્શ ઠક્કર, પ્રેક્ષા છેડા વિજેતા રહ્યા. ૮થી ૧૫ વર્ષમાં ચાચા નેહરુ વિશે એલોકેશન કૉમ્પીટિશન રાખવામાં આવેલ. જેમાં પ્રથમ ચિ. રતિન શ્રીનિવાસ તથા દ્રિતીય ચિ. દિશા શરદ મૈશેરી વિજેતા રહ્યા. લકી ડ્રોમાં ચિ. યશ ભરત મુનવર વિજેતા રહ્યા. વિજેતાઓને સૌ. સરલા મૈશેરી, સૌ. નવલબેન મુનવર, સૌ. કલ્પનાબેન શાહ, સૌ. ધનવંતીબેન ધરમશી, સૌ. નયના શાહ તરફથી ઈનામો અપાયા. ત્યારબાદ સૌ. સરલાબેને સૌને 'ડાયેટ હાઉસી' રમાડી અંતે સૌ જમીને છૂટા પડ્યા.

## બેલ્લારી-કચ્છી-ગુજરાતી યુવક મંડળ

મંડળના પ્રેસીડેન્ટ શ્રી નિખિલ વિજય મૈશેરી, સેક્રેટરી શ્રી સંદીપ કાંતિલાલ શાહ તથા ખજાનચી શ્રી ભરત સોમચંદ મુનવરે મંડળના સદસ્યોના સાથ અને સહયોગથી નવરાત્રીનું ગાંધી ભવનમાં ૮ દિવસનું આયોજન કરેલ. દરરોજ વિવિધ હરીફાઈઓ રાખવામાં આવેલ. તથા લકી ડ્રો રાખવામાં આવેલ. ગામના લોકોએ રંગબેરંગી વેશભૂષામાં ભાગ લઈને કાર્યક્રમની શોભા વધારી. દરરોજ વિજેતાઓને મંડળ તરફથી ઈનામ અપાયેલ. આ આયોજનને સફળ બનાવવા મંડળની ટીમે જહેમત લીધેલ. છેલ્લા દિવસે દાતાઓને મોમેન્ટો આપી બહુમાન કરાયું.

## ગુજરાતી મહિલા સેવા મંડળ-બેલ્લારી

ઑક્ટોબર મિટિંગ સૌ. નયના અશોક ખોનાએ હોઈસલા હોટલમાં રાખી. સૌએ નયનાબેનને એમની દિકરી હેતલની સગાઈ બદલ વધાઈ આપી. સૌએ ગેમ રમીને જમીને વિદાય લીધી. નવેમ્બરની મિટિંગ સૌ. નયના મહેન્દ્ર શાહના ઘરે રાખવામાં આવેલ. નયનાબેને સરપ્રાઈઝ ગેમ ચાવીના ગુચ્છાની રાખેલ. જેમાં સૌ. નીતા શરદ મૈશેરી વિજેતા રહ્યા.ત્યારબાદ ટંગ ટવીસ્ટરની ગેમમાં પ્રથમ નીતા શરદ મૈશેરી તથા દ્વિતીય સૌ. સરલા વિજય મૈશેરી રહ્યા. ટેબલ્સની ગેમમાં પ્રથમ સૌ. નીતા શરદ મૈશેરી તથા દ્વિતીય સૌ. ભાવિકા શાહ વિજેતા રહ્યા. ત્યારબાદ સૌ ગરમ વડા સંભાર અને આઈસ્ક્રીમ લઈ છૂટા પડ્યા.

## વડાલામાં નૂતન વર્ષ નિમિતે આરાધના

અત્રે શ્રી સંભવનાથના દરબારે પૂ.સા.શ્રી હિતપજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં નૂતન વર્ષ નિમિત્તે વહેલી સવારે પૂ.સા.શ્રીની સાથે સંકળ સંઘ સાથે વાજતે ગાજતે શ્રી ચંદ્રપ્રભુજીસ્વામી ગૃહ જિનાલયે દર્શને ગયેલ. ત્યાં દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ માતુશ્રી ચંપાબેન મોતીચંદ મેપાણી (પરજાઉ) પરિવારે લીધેલ. સમુહમાં સંઘે દેવદર્શન, ચૈત્યવંદન કરી શ્રી સંભવનાથ જિનાલયે પધારેલ. જ્યાં દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ માતુશ્રી નવલબેન વિશનજી દંડ (દલતુંગી) તથા સૌ. લક્ષ્મીબેન લલિત નાગડા (સુથરી) પરિવારે લીધેલ. સંઘે દેવદર્શન-સમુહ ચૈત્યવંદન કરેલ. ઉપાશ્રયે પૂ.સા.શ્રીએ ગૌતમસ્વામી રાસ વાંચેલ. વિસ્તારપૂર્વક મહિમા સમજાવેલ. ૩૩ તપ તથા મોટી તપસ્યા કરનાર તપસ્વીઓને સંઘના રસોડે અત્તરપારણા તથા પારણાં થયેલ. જેનો લાભ માતુશ્રી પુરબાઈ ત્રીકમજી લાલકા પરિવાર (પરજાઉ)એ લીધેલ. દરેક કાર્યક્રમમાં શ્રી સંઘના શ્રાવક/શ્રાવિકાઓએ સારી હાજરી આપેલ. દરેક કાર્યક્રમમાં પ્રભાવના થઈ.

## અનંતનાથજી કોમ્પલેક્ષ-કાંજુરમાર્ગ

અનંતનાથજી કોમ્પલેક્ષમાં નવરાત્રી દરમીયાન દરરોજ બપોરના મહાકાળીમાતાજીની ભક્તિ ભાવના અત્રેના મહિલા મંડળ દ્વારા ઉત્સાહ અને ઉમંગ સાથે ભણાવવામાં આવી. દરરોજ રાતના ૭ વાગે અંબેમાતાજીની આરતી કરી ઢોલના તાલે રાસગરબાની રમઝટ બોલાવવામાં આવી. રાતના ૧૦ વાગે માતાજીની બીજી આરતી થઈ. ચા-નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવેલ. રાતના ૧૦.૩૦ વાગ્યા પછી યુથ ફોરમ અને મહિલા મંડળ દ્વારા વિવિધ જ્ઞાન ગમ્મતની ગેમ રમાડવામાં આવી. આઠમના રાસ-ગરબા, આરતીની સજાવટ તેમજ વેશભુષા હરીફાઈ રાખવામાં આવેલ.

દશેરાના સવારના શ્રી સમસ્ત મહાજન જન જાગરણ સંપર્ક સભાનું આયોજન કરવા શ્રી પ્રફુલ મુલજી ઘરમશી તેમજ શ્રી ચેતન નાગડાએ જહેમત લીધેલ. આ સભામાં શ્રી ચીમન મોતા (જનરલ સેક્રેટરી) મુંબઈ મહાજન પ્રમુખશ્રી નયનભાઈ ભેદા, માનદમંત્રી શ્રી ચેતન મોતા અને શ્રી ચંપક જીવાણી પધારેલ. જ્ઞાતિના વિવિધ પ્રશ્નોની છણાવટ કરવામાં આવેલ.

શરદ પુર્ણીમાની ઉજવણી તા.૪-૧૧-૧૨ના કરાઇ. પ્રારંભે ગરબા, મટુકડી તેમજ દાંડીયારાસ રમવામાં આવેલ. ત્યારબાદ નાના બાળકો દ્વારા નૃત્ય, યુવાનો દ્વારા નાટક અને મહિલાઓ દ્વારા રાજસ્થાની અને કચ્છી નૃત્ય રજુ કરાયા. સાંજના સ્વરૂચી ભોજન રાખવામાં આવેલ. અંતમાં ઈનામ વિતરણ તેમજ યુથફોરમ દ્વારા દરરોજની ગેમના વિજેતાઓને ઈનામ આપવામાં આવેલ. ઉપરોક્ત કાર્યક્રમમાં અતિથિવિષેશ શ્રીમતી પલ્લવી સંજય દિના પાટીલ પધારેલ.

કોમ્પલેક્સના સર્વે સભ્યોના સાથ સહકારથી બધા કાર્યક્રમો સફળ રહ્યા. શ્રી ચેતન હિરાચંદ નાગડા, શ્રી પ્રફુલ મુલજી ઘરમશી તેમજ શ્રી ખુશાલ શામજી નાગડા સહિત કાર્યકરોએ સારી જહેમત લીધેલ.

## ચેરીટીકમીશ્નર સમક્ષ "અનંતછાયા" અંગેની સુનાવણી

તા.૨૪-૧૧-૧૨નાં થયેલ સુનાવણી દરમ્યાન શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી તેમના એડવોકેટે દલીલો પુર્ણ કરી હતી. હવે આગામી સુનાવણી તા.૧૦-૧૨-૧૨ના નિયત થઈ છે. જે વખતે ઇન્ટરવીનર્સ શ્રીમતિ લક્ષ્મીબેન ખોના અને શ્રી. ચંદ્રસેન મોમાયાએ દલીલો કરવાની રહેશે.


શુભેચ્છા સહ...

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**હિતેશ વિશનજી નાગડા** ૧ રાજદીપ, જુની ડોનબોસ્કો સ્કુલની પાસે, ગાવદેવી ગુપ્તે રોડ, ડોંબીવલી (વે) ૪૨૧૨૦૨

**જીગ્નેશ જગદીશ લોડાયા** સી-૨૨૨, જીપરુ સદન, ગુપ્તે × રોડ, ગાવદેવી, ડોમ્બીવલી (વે)-૪૨૧૨૦૨

**નરશી ડાહ્યાલાલ ખોના** સી-૧૨૧, જીપરૂ સદન, ગુપ્તે × રોડ, ગાવદેવી, ડોમ્બીવલી (વે)-૪૨૧૨૦૨

**વિનય એસ. વિકમશી (કામાણી)** એ-૮૦૨, મિલન હાઇટસ, અગ્રવાલ સ્કુલ પાસે, પિપલીયાના, ઇંદોર-૪૫૨૦૦૧
ફોન. ૯૮૨૭૦૯૭૬૭૪/૯૪૨૫૦૩૨૬૭૭

**કસ્તુરીબેન પ્રવિણચંદ્ર મશેરી** બી-૧૬, શ્રી સાઈ લીલા, કામત બીલ્ડીંગ પાછળ, કૈલાશનગર, ડોંબિવલી (વે)-૪૨૧૨૦૨.

**સતન વીશનજી ખોના** RDL/46, C-5, ચંપાપુરી દેરાસર પાસે, ન્યુ કોલોની, GIDC અંકલેશ્વર-૩૯૩૦૦૨.

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| .જીગ્નેશ જગદીશ લોડાયા-ડોંબિવલી | ૯૧૬૭૯૨૧૬૮૨ | નરશી ડાયાલાલ ખોના-ડોંબિવલી | ૯૮૧૯૮૯૭૨૭૯ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪-૧૦-૧૨ | ધુલીયા | SIMO080502 | વીર-ઝરણ વિવેક મોમાયા | સાંયરા | પુત્ર |
| ૨૫-૧૦-૧૨ | ઘાટકોપર | JKKN031304 | સિધ્ધ-ધીરેન હરીશ ખોના | જખૌ | પુત્ર |
| ૨૭-૧૦-૧૨ | યુ.એસ.એ. | KRDD010603 | દિવી-નીરલ જનક દંડ | કોઠારા | કન્યા |
| ૩૦-૧૦-૧૨ | મુલુંડ | SUCD070301 | અયાના-કિનર નરેન્દ્ર છેડા | સુથરી | કન્યા |
| ૧૫-૧૧-૧૨ | અંબરનાથ | SUDH121105 | યુક્તા-પારસ ચીમનલાલ ધરમશી | સુથરી | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧-૧૧-૧૨ | સેંધવા | BRMO060303 | મયંક વરુણ ચીમનલાલ મોમાયા | બારોઈ | ૨૪ |
| | ભુજ | TRLO960605 | ડૉ. પીંકલ રમેશ દામજી લોડાયા | તેરા | ૨૪ |
| ૨૪-૧૧-૧૨ | ડોંબિવલી | VKSO0500504 | વિપુલ પૂનમચંદ વેરશી સોની | વાંકુ | ૨૬ |
| | મુલુંડ | LUDD020303 | ખુશ્બુ જયપ્રકાશ રતીલાલ દંડ | લુણી | ૨૪ |
| ૨૮-૧૧-૧૨ | સોલાપુર | SADH070103 | અમર (અંકીત) લલિત ખેતશી ધરમશી | સાંધાણ | ૨૬ |
| | વડોદરા | KRDH050403 | માનસી ચંદ્રકાંત હંસરાજ ધરમશી | કોઠારા | ૨૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮-૧૧-૧૨ | થાણા | A | તેજસ નવીનચંદ્ર રામજી મારુ | લાખાપુર | ૨૫ |
| | ડોંબિવલી | SUCD011104 | સેજલ કિશોર બાબુભાઈ છેડા | સુથરી | ૨૪ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪-૧૧-૧૨ | અહમદનગર | RPLO031301 | રમેશ લક્ષ્મીચંદ ખીંયરાજ લોડાયા | રાપર | ૫૬ |
| -૧૧-૧૨ | ચેંબુર | NLLO110601 | જયચંદ નરશી હીરજી લોડાયા | નલિયા | ૭૯ |
| ૨૪-૧૧-૧૨ | ડોંબિવલી | MDMA011002 | દિવ્યાબેન તીલક પાનાચંદ મૈશેરી | કચ્છ-માંડવી | ૫૭ |
| ૨૨-૧૧-૧૨ | થાણા | SMMA | ત્રિકમજી કુંવરજી ખીંયરાજ મૈશેરી | મોટીસિંધોડી | ૭૪ |
| ૨૪-૧૧-૧૨ | પુરના | KBLO081001 | ઝમકુબાઈ વિશનજી રાયશી લોડાયા | મોટીખાવડી | ૮૦ |
| ૨૪-૧૧-૧૨ | ડોંબિવલી | KSLO020201 | ચંદુલાલ નાંગશી માણેકજી લોડાયા | નાનીખાવડી | ૭૨ |
| ૨૬-૧૧-૧૨ | મલાડ | RAKN010301 | જેઠાલાલ ડાહ્યાલાલ ત્રીકમજી ખોના | રંગપુર | ૭૫ |


શુભેચ્છા સહ....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

# શ્રી સ્વસ્તિક ગ્રુપ-ડોંબિવલી દ્વારા "મિચ્છા મિ દુક્કડમ્" નાટ્યપ્રયોગ



અગ્રણીઓ દ્વારા મહાકાલીમાં પાસે દીપ પ્રકાશન



"મિચ્છા મિ દુક્કડમ્" નાટકની એક ઝલક



નવકાર પઠન કરતી સ્વસ્તિક ગ્રુપની બહેનો



સ્વસ્તિક ગ્રુપની કાર્યકર ટીમ



પધારેલા માનવંતા દાતાઓ



સ્વસ્તિક ગ્રુપના શુભેચ્છકો



શ્રી કલ્પેશ મોતાનું સન્માન કરતા જયેશ લોડાયા



શ્રી વિજય એમ. લોડાયાનું સન્માન કરતા શ્રી રાજીવ ઘરમશી



શ્રીમતિ જ્યોતિ વિનય ઘરમશીનુ સન્માન કરતા રિદ્ધિ ડાઘા



શ્રી દિનેશ કુંવરજી દંડનું સન્માન કરતા હિતેશ નાગડા



શ્રી નરેન્દ્ર જેતશી શિયાડનું બહુમાન કરતા રાહુલ છેડા



શ્રી મુકેશ ભવાનજી લોડાયાનું સન્માન કરતા ભરત નરશી ખોના



શ્રી અરવિંદ રાયચંદ લોડાયાનું સન્માન કરતા જિજ્ઞેશ લોડાયા



શ્રી દિપક ભવાનજી લોડાયાનું સન્માન કરતા ગૌતમ ખોના



શ્રી ચંપક જીવાણીનું સન્માન કરતા જયેશ લોડાયા

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# ભાવભીની શ્રદ્ધાંજલિ

દેહ આગમન
૨૩-૧૨-૧૯૩૬



દેહ પરિવર્તન
૧૨-૧૧-૨૦૧૨

**શ્રી આણંદજી જેઠાભાઈ મોતા** (રાપર ગઢવારી-ઇંદોર)

આનંદ અમર છે, અમર આનંદ છે, એ નિર્દોષ આનંદિત આત્મા બધાને જીવનભર અપાર આનંદ આપી, પરમ આનંદથી પરમાત્મામાં લીન થઈ ગયા. પરમાત્મા એ ભવ્ય આત્માને ચિર શાંતિ આપે અને શીઘ્રતયા મોક્ષગામી બનો એજ પ્રાર્થના...

**-: શ્રદ્ધાસુમન અર્પણ કરનાર :-**

| | | |
|---|---|---|
| જીવનસાથી | : | સુશીલા આણંદજી મોતા |
| ભાઈઓ | : | સ્વ. કુંવરજી જેઠાભાઈ મોતા • શા. લાલજી જેઠાભાઈ મોતા |
| બેન | : | સ્વ. લીલબાઈ ગોવિંદજી મૈશેરી |
| સાસરા | : | સ્વ. શા. ખેતશી ચાંપશી હેફા પરિવાર (સુથરી) |
| દિકરી-જમાઈ | : | સૌ. કલ્પનાબેન મનોજ લોડાયા • સૌ. હર્ષાબેન દિનેશ પોલડીયા |
| પુત્ર-પુત્રવધુ | : | સૌ. નમ્રતા મયુર મોતા |
| દોહિત્રા-દોહીત્રી | : | ચિ. પાર્થ મોતા, સૌ. પૂજા પ્રીતેશ નાગડા અને કરન પોલડીયા |

# હાર્દિક અભિનંદન ! ખોના અને લોડાયા પરિવારનું ગૌરવ



**કુ. મિતલ વિજય ખોના (C.S.)**
**(સુથરી-ગાંધીધામ)**

ચિ. મિતલને C.S.ની ફાઈનલ પરિક્ષામાં ઉર્તિણ થયા બદલ હાર્દિક અભિનંદન. શૈક્ષણિક ક્ષેત્રે સફળતાના ઉચ્ચતમ શિખરો સર કરી ઝડહળતી કારકિર્દી બનાવો તેવી શુભકામનાઓ...

**અમી આશિર્વાદ**

| | | |
|---|---|---|
| દાદી-દાદા | : | માતુશ્રી નવલબાઈ કેશવજી ખોના (સુથરી) |
| નાની-નાના | : | માતુશ્રી ગંગાબાઈ ભવાનજી લોડાયા (સાંયરા) |
| માતા-પિતા | : | સૌ. રમીલા વિજય ખોના (આદિપુર) |
| ભાઈ | : | રાહુલના અભિનંદન |

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**